RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 79, Dt.12-06-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાશ્મીરમાં ત્રણ દિ'માં ત્રીજા આતંકી હુમલાથી કેન્દ્ર ચોંકયુ



## ડોડામાં સૈન્ય કેમ્પ પર ત્રાસવાદીઓ ત્રાટકયાઃ છ જવાનો ઘાયલઃ હુમલાખોર ત્રાસવાદીઓને પકડવા મોટાપાયે સર્ચ ઓપરેશનઃ કઠુવામાં આતંકીઓએ ઘરમાં ઘુસી પાણી માંગ્યું, પરિવારે ન આપતાં ગોળીબાર કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતળત્વમાં કેન્દ્રમાં સતત ત્રીજી વખત સરકારની રચના સાથે અર્થતંત્રના મોરચે સારા સમાચાર આવ્યા છે. વિશ્વ બેંકે મંગળવારે એક અહેવાલમાં જણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં ૬.૭ ટકાની સતત વળદ્ધિ નોંધાવીને ભારત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહેશે. વિશ્વ બેંકના તાજેતરના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાં આર્થિક વળદ્ધિ દર વધીને ૮.૨ ટકા થવાની ધારણા છે. વિશ્વ બેંક દ્વારા જાન્યુઆરીમાં આપવામાં આવેલા અગાઉના અંદાજ કરતાં આ ૧.૯ ટકા વધુ છે. આ સાથે, વિશ્વ બેંકે વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક આર્થિક વળદ્ધિ ૨.૬ ટકા પર સ્થિર રહેવાની આગાહી કરી છે. તેણીએ કહ્યું કે આગામી બે વર્ષમાં વૈશ્વિક વળદ્ધિ સરેરાશ ૨.૭ ટકા સુધી વધશે. જો કે, આ કોવિડ-૧૯ પહેલાના દાયકામાં ૩.૧ ટકા કરતાં પણ ઘણું ઓછું હશે.

રિપોર્ટ અનુસાર, આ આગાહીનો અર્થ એ છે કે ૨૦૨૪-૨૬ દરમિયાન, વિશ્વની ૮૦ ટકાથી વધુ વસ્તી અને વૈશ્વિક જીડીપી કોવિડ-૧૯ પહેલાના દાયકાની તુલનામાં ધીમી ગતિએ વળદ્ધિ પામશે. વર્ષ ૨૦૨૩માં અને વર્ષ ૨૦૨૪માં તે ઘટીને ૬.રુ થવાની ધારણા છે. આ મંદી પાછળનું મુખ્ય કારણ તાજેતરના વર્ષોમાં ઊંચા આધારથી ભારતના વિકાસ દરમાં મંદી હશે. જોકે, વિશ્વ બેંકે ભારતમાં સ્થિર વળદ્ધિ દર સાથે ૨૦૨૫-૨૬માં દક્ષિણ એશિયા ક્ષેત્રનો વિકાસ દર ૬.૨ ટકા રહેવાનો અંદાજ મૂકયો છે. આ ક્ષેત્રની અન્ય અર્થવ્યવસ્થાઓમાં, બાંગ્લાદેશમાં વળદ્ધિ પાછલા વર્ષો કરતાં થોડી ધીમી હોઈ શકે છે, જ્યારે પાકિસ્તાન અને શ્રીલંકામાં તે વધુ મજબૂત થવાની ધારણા છે.રવિવારે પૌની વિસ્તારમાં પેસેન્જર બસ પર થયેલા હુમલામાં સામેલ આતંકવાદીઓ વિશે માહિતી આપનારને રિયાસી પોલીસે ૨૦ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. પોલીસે નજરે જોનારાઓની પૂછપરછના આધારે શંકાસ્પદ આતંકવાદીનો સ્કેચ જાહેર કર્યો છે.

# આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ચોથી વખત શપથગ્રહણ કરતાં ચંદ્રબાબુ નાયડુ

## વડાપ્રધાન મોદી સહિત અનેક દિગ્ગજોની હાજરીઃ નિતીશ ગેરહાજર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આંધ્રપ્રદેશમાં આજે ટીડીપીના નેતૃત્વવાળી એનડીએ સરકારનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુએ ચોથીવાર મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. માહિતી મુજબ શપથવિધિમાં નીતિશ કુમાર સામેલ થયા ન હતા. ચંદ્રબાબુ નાયડુના શપથમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, જે.પી. નડ્ડા, નીતિન ગડકરી, એકનાથ શિંદે જેવા કદાવર નેતાઓ હાજર રહ્યા હતા પરંતુ નીતિશ કુમાર ક્યાંય દેખાયા નહોતા. આ ઘટના પરથી ફરી એકવાર એનડીએમાં બધું ઠીક છે કે નહીં તેવો સવાલ ઊઠ્યો છે.



આંધ્રપ્રદેશમાં ચંદ્રબાબુ નાયડુની સાથે શપથ લેનારા ૨૪ નેતાઓના નામ પણ ફાઈનલ થઈ ગયા હતા. જેમાં ૩ મહિલા પણ છે. ચંદ્રબાબુ નાયડુના પુત્ર નારા લોકેશ અને તેલુગુ સ્ટારની સાથે જનસેના પાર્ટીના પ્રમુખ પવન કલ્યાણ પણ મંત્રી તરીકે શપથ લઈ ચૂક્યા છે. ચંદ્રાબાબુ નાયડુએ કેસરપલ્લી શહેરના આઈટી પાર્ક મેદાનમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે લીધા હતા. આ શપથ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રજનીકાંત સહિત અનેક પ્રતિષ્ઠિત લોકોએ હાજરી આપી. જો કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ગેરહાજર રહેતા અનેક તર્કવિતર્ક થવા લાગ્યા હતા.

નોંધનીય છે કે ચંદ્રબાબુ નાયડુ ૧૯૯૫માં પહેલીવાર આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. તે પછી, ૨૦૧૪માં આંધ્ર પ્રદેશનું વિભાજન થયા બાદ (તેલંગાણા એક અલગ રાજ્ય બન્યું), નાયડુ રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા અને ૨૦૧૯ સુધી મુખ્યમંત્રી પદ સંભાળ્યું. આ પછી નાયડુ ૨૦૧૯ની ચૂંટણી હારી ગયા અને ૨૦૨૪ સુધી વિપક્ષના નેતા રહ્યા હતા. ત્યારે હવે ૨૦૨૪ની ચૂંટણીમાં ફરી એકવાર ટીડીપીના નેતૃત્વમાં એનડીએને આંધ્રપ્રદેશમાં ભવ્ય જીત મળી છે.

# કલાઈમેટ ચેન્જથી છેલ્લા છ માસમાં ૨૫૦૦ લોકો મોતને ભેટયાઃ ૩.૪૩ લાખ કરોડનું નુકસાન

## જલવાયુ પરિવર્તનના કારણે પ્રચંડ ગરમીથી માંડી પુરની હાલત વધુ ગંભીર બની

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કલાયમેટ ચેન્જ (જલવાયુ પરિવર્તન)ના કારણે છેલ્લા છ મહિનામાં દેશમાં ૨૫૦૦ લોકોના મોત થયા છે અને ૩.૪૩ લાખ કરોડનું નુકસાન થયાના ચોંકાવનારા આંકડા જાહેર થયા છે.

પર્યાવરણવિદ ડો.સીમા જાવેદના જણાવ્યા અનુસાર સમગ્ર વિશ્વમાં ગરમીના કારણે મોટા પ્રમાણમાં લોકોના જીવ જઇ રહ્યા છે. તેનાથી થનારા અને થઇ રહેલા આર્થિક નુકસાનનો કોઇ અંદાજ કાઢી શકાય તેમ નથી. લોકોની કામ કરવાની ક્ષમતા પણ પ્રભાવિત થઇ છે. ખાડી વિસ્તારોમાં પણ આ પરિવર્તનના કારણે પુરનો ખતરો સતત વધી રહ્યો છે.



આ વર્ષે કલાયમેટ ચેન્જની ઘટનાઓથી હવામાન બગડયું છે. અત્યાર સુધીમાં અઢી હજાર લોકોના મૃત્યુ થયા છે અને ૪૧ બીલીયન ડોલર (લગભગ ૩.૪૩ લાખ કરોડ રૂપિયા)નું નુકસાન થયું છે. ભારતમાં પ્રચંડ ગરમી વચ્ચે આ રીપોર્ટ બ્રીટન સ્થિત બિનસરકારી સંગઠન ક્રિશ્ચિયન એડ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. રીપોર્ટ અનુસાર છેલ્લા છ મહિનામાં ખરાબ હવામાનને કારણે આ ઘટનાઓ બનવામાં જલવાયુ પરિવર્તન જવાબદાર છે. એનજીઓના એક પદાધિકારીએ કહ્યું કે ગ્રીન હાઉસ ગેસ માટે સૌથી વધુ જવાબદાર અમીર દેશો છે. જેઓ વાતાવરણને ગરમ કરી રહ્યા છે. તેઓએ જવાબદારી લેવી જોઇએ. અન્ય દેશોમાં હવામાન અસરની ઘટનાઓ રોકવા માટે અને તેમને મદદ કરવા માટે ફંડીંગ વધારવું જોઇએ. જલવાયુ પરિવર્તનની ઘટનાઓ વચ્ચે ગરીબ દેશોને થનારા નુકસાનની ભરપાઇ માટે ખાસ ભંડોળ ઉભુ કરવા ઉપર સંમતિ સધાઇ હતી તે ઉલ્લેખનીય છે.

ભારતમાં પણ આ વર્ષે ઉનાળો ખુબ ધગ્યો છે. ચોમાસુ બેસી ગયું છે છતાં ગરમીમાં કોઇ રાહત મળતી નથી. તાપના કારણે પણ લોકોના મૃત્યુ થઇ રહ્યા છે. સતત આટલા દિવસ સુધી ઉંચુ તાપમાન મોટા શહેરોમાં અગાઉ લગભગ કયારેય રહ્યું નથી.

# આગામી ત્રણ વર્ષ સુધી ભારતનો દબદબો રહેશેઃ વિશ્વ બેન્કે આપ્યા ખુશખબર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતળત્વમાં કેન્દ્રમાં સતત ત્રીજી વખત સરકારની રચના સાથે અર્થતંત્રના મોરચે સારા સમાચાર આવ્યા છે. વિશ્વ બેંકે મંગળવારે એક અહેવાલમાં જણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં ૬.૭ ટકાની સતત વળદ્ધિ નોંધાવીને ભારત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહેશે. વિશ્વ બેંકના તાજેતરના ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાં આર્થિક વળદ્ધિ દર વધીને ૮.૨ ટકા થવાની ધારણા છે. વિશ્વ બેંક દ્વારા જાન્યુઆરીમાં આપવામાં આવેલા અગાઉના અંદાજ કરતાં આ ૧.૯ ટકા વધુ છે. આ સાથે, વિશ્વ બેંકે વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક આર્થિક વળદ્ધિ ૨.૬ ટકા પર સ્થિર રહેવાની આગાહી



કરી છે. તેણીએ કહ્યું કે આગામી બે વર્ષમાં વૈશ્વિક વળદ્ધિ સરેરાશ ૨.૭ ટકા સુધી વધશે. જો કે, આ કોવિડ-૧૯ પહેલાના દાયકામાં ૩.૧ ટકા કરતાં પણ ઘણું ઓછું હશે.રિપોર્ટ અનુસાર, આ આગાહીનો અર્થ એ છે કે ૨૦૨૪-૨૬ દરમિયાન, વિશ્વની ૮૦ ટકાથી વધુ વસ્તી અને વૈશ્વિક જીડીપી કોવિડ-૧૯ પહેલાના દાયકાની તુલનામાં ધીમી ગતિએ વળદ્ધિ પામશે. વર્ષ ૨૦૨૩માં અને વર્ષ ૨૦૨૪માં તે ઘટીને ૬.રુ થવાની ધારણા છે. આ મંદી પાછળનું મુખ્ય કારણ તાજેતરના વર્ષોમાં ઊંચા આધારથી ભારતના વિકાસ દરમાં મંદી હશે.

# દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાના પ્રવેશ બાદ હવે સૌરાષ્ટ્રમાં ટુંક સમયમાં આગમન

## હવામાન વિભાગની આગાહીઃ દરિયા કાંઠાના વિસ્તારોમાં ગમે તે સમયે ચોમાસાનો પ્રવેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભીષણ ગરમી હીટવેવ બાદ હવે ગુજરાતમાં ચોમાસાના શ્રીગણેશ થઈ જ ગયા છે છતાં હજુ સમગ્ર રાજયમાં ચોમાસાનો પ્રવેશ થયો નથી. દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ બેસી ગયુ છે જયારે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાની નજીક આવી ગયુ હોવાથી હવે ગમે ત્યારે સૌરાષ્ટ્રમાં એન્ટ્રી લઈ લે તેવા નિર્દેશ સાંપડયા છે.

હવામાન ખાતાના સૂત્રોએ જણાવ્યું છે કે નૈઋત્ય ચોમાસુ ગઈકાલે જ દક્ષિણ ગુજરાતમાં પ્રવેશી ગયુ હતું અને વલસાડથી પણ આગળ વધીને નવસારી સુધી પહોંચી ગયું છે. આજે ચોમાસુ દક્ષિણ ગુજરાતમાં વધુ આગળ વધ્યુ છે



જયારે સૌરાષ્ટ્રમાં દરિયાકાંઠાની નજીકના વિસ્તારોની પાસે આવી ગયું છે. સૌરાષ્ટ્રના કાંઠાળ ભાગોમાં હવે ગમે ત્યારે ચોમાસાનો પ્રવેશ થઈ જવાની શકયતા છે.

હવામાન ખાતાના રિપોર્ટ પ્રમાણે ચોમાસુ ઉતરીય અરબી સમુદ્રના વધુ કેટલાક ભાગોમાં આગળ વધ્યુ છે. ઉપરાંત મહારાષ્ટ્ર તથા તેલંગાણાના અન્ય ભાગોમાં પણ પહોંચ્યુ છે. ચોમાસુ રેખા નવસારી, જલગાવ, આકોલા, ઉકમા થઈને ઈસ્લામપુર પહોંચી રહ્યું છે. ઉત્તર ગુજરાત તથા તેને લાગુ દક્ષિણ રાજસ્થાન પર ૩.૧ કી.મી.ના લેવલે સાયકલોનીક સરકયુલેશન પણ સર્જાયુ છે. ઉપરાંત ૩.૧ અને ૫.૮ કી.મી.ના લેવલે સીયર ઝોન પણ રચાયુ છે.

નૈત્રત્ય ચોમાસુ ગુજરાતમાં આગળ ધપવા સાથે રાજયના ૧૫ જીલ્લાઓમાં વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, વડોદરા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર સહિતના જીલ્લાઓમાં હળવાથી વ્યાપક વરસાદ થવાની શકયતા દર્શાવવામાં આવી છે.

# ૧ મહિનામાં રેકોર્ડતોડ ૭.૬૬ લાખ શ્રધ્ધાળુઓએ કેદારનાથ ધામમાં દર્શન કર્યા

## ૨૧ મી મે ના રોજ રેકોર્ડ તોડ ૩૮૬૮૨ શ્રધ્ધાળુંઓ ઉમટયા હતાઃ ૧૦ મે ના રોજ કેદારનાથ મંદિરના કપાટ ખુલ્યા હતા

**મુખ્ય સમાચાર, દહેરાદૂન**

ચારધામની યાત્રામાંના મહત્વના શ્રધ્ધા કેન્દ્ર પવિત્ર કેદારનાથના એક મહિનામાં રેકોર્ડતોડ ૭.૬૬ લાખથી વધુ ભાવિકોએ દર્શન કર્યા છે. ભગવાન આશુતોષના દ્વાદશ જયોતિર્લિંગમાં આ એક રેકોર્ડ છે. એક ગણતરી મુજબ દરરોજ સરેરાશ ૨૫ હજાર જેટલા શ્રધ્ધાળુઓ દર્શન માટે ઉમટયા હતા. ૧૦ મે ના રોજ કેદારનાથ યાત્રાની શરુઆત થઇ હતી ત્યાર બાદ ૨૧ મી મે ના રોજ રેકોર્ડ તોડ ૩૮૬૮૨ શ્રધ્ધાળુંઓએ કેદરનાથની પાવનભૂમિ પર પ્રવેશ કર્યો હતો. મંદિરના કપાટ ખુલ્યા તે દિવસે ૨૯૦૦૦ શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો.

પૌરાણિક માન્યતા અનુસાર આ





મંદિર પાંડવોએ બંધાવ્યું હતું અને શ્રી આદિ શંકરાચાર્યએ તેનો પુનરોદ્ધાર કરાવ્યો હતો. બાર જ્યોતિર્લિંગો પૈકીના એક એવા શ્રી કેદારનાથ મંદિર જવા માટે સડક માર્ગ ઉપલબ્ધ નથી આથી પગપાળા કે ઘોડા પર સવાર થઈ અથવા ડોળી (પાલખી) દ્વારા જવું પડે છે. હિમાલયમાં આવેલા ચારધામ પૈકીનું આ એક ધામ ગણાય છે. આ સ્થળે જવા માટે ગૌરીકુંડ સુધી વાહનોની સગવડ મળે છે, જે કેદારનાથથી ૧૪ કિ.મી જેટલા અંતરે આવેલું છે.

આ ધામ હવામાનની વિષમતાના કારણે તેમજ દુર્ગમ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે વર્ષ દરમ્યાન અક્ષય તૃતિયાથી શરૂ કરીને કાર્તિક સુદ પૂર્ણિમા સુધી દર્શન માટે ખુલ્લું રહે છે. ત્યારબાદ શિયાળાની શરૂઆત થતાં જ ભગવાનને સ્થળાંતરિત કરીને ઉખીમઠ ખાતે પૂજનઅર્ચન અર્થે લાવવામાં આવે છે. આ ક્ષેત્રનું નામ કેદારખંડ હોવાને કારણે ભગવાન સદાશિવને અહીં કેદારનાથ એટલે કે કેદારના નાથ તરીકે પૂજવામાં આવે છે. આ સ્થળ હિમાલયની ગિરિમાળામાં ગઢવાલ ક્ષેત્રમાં ભારત દેશના ઉત્તર ભાગમાં આવેલા ઉત્તરાખંડ રાજયમાં રુદ્રપ્રયાગ જિલ્લામાં મંદાકિની નદીને કિનારે આવેલું છે.

# ચૂંટણી થાય ત્યારે સ્પર્ધા જરૂરી છે, પરંતુ આ હરિફાઈ જૂઠાણા પર આધારિત ન હોવી જોઈએઃ આરએસએસ ચીફ મોહન ભાગવત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૧૦ જૂને નાગપુરમાં RSSના કાર્યકર્તા વિકાસ વર્ગ કાર્યક્રમનો સમાપન દિવસ હતો. આમાં સંઘના વડાએ કહ્યું કે, જે પોતાની ફરજ નિભાવતી વખતે મર્યાદાનું પાલન કરે છે તે જ સેવક કહેવાને પાત્ર છે.

RSS ચીફ મોહન ભાગવતે સોમવારે એટલે કે, ૧૦ જૂને નાગપુરમાં સંઘના કાર્યકર્તા વિકાસ વર્ગના સમાપનમાં હાજરી આપી હતી. અહીં ભાગવતે ચૂંટણી, રાજકારણ અને રાજકીય પક્ષોના વલણ વિશે વાત કરી હતી. ભાગવતે કહ્યું હતું કે, જે પ્રતિષ્ઠાને અનુસરીને કામ કરે છે, અભિમાની છે, પણ ભોગવિલાસ નથી કરતો, અહંકાર નથી કરતો, તેને જ સાચા અર્થમાં સેવક કહેવાનો અધિકાર



છે.

વધુમાં તેમણે કહ્યું કે, જ્યારે ચૂંટણી થાય છે ત્યારે સ્પર્ધા જરૂરી છે. આ સમય દરમિયાન, અન્યને પાછળ ધકેલી દેવાનું પણ બને છે, પરંતુ તેની પણ એક મર્યાદા છે. આ હરીફાઈ જૂઠાણા પર આધારિત ન હોવી જોઈએ. ભાગવતે મણિપુરની સ્થિતિ પર કહ્યું કે, મણિપુર એક વર્ષથી શાંતિની રાહ જોઈ રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષથી રાજ્યમાં શાંતિ હતી, પરંતુ અચાનક ત્યાં ગનકલ્ચર વધી ગયું. આ સમસ્યાનો પ્રાથમિકતાના આધારે ઉકેલ આવે તે જરૂરી છે.

લોકસભાની ચૂંટણી પૂરી થયા બાદ બહારનો માહોલ જુદો છે. નવી સરકાર પણ બની છે. આવું કેમ થયું તેની સંઘને પરવા નથી. સંઘ દરેક ચૂંટણીમાં લોકોના અભિપ્રાયને શુદ્ધ કરવાનું કામ કરે છે, આ વખતે પણ તેણે કર્યું છે, પરંતુ પરિણામોનું વિશ્લેષણ કરવામાં તે સામેલ થતો નથી.

લોકોએ જનાદેશ આપ્યો છે તે પ્રમાણે બધું થશે. શા માટે? કેવી રીતે? સંઘ આમાં પડતો નથી. સમગ્ર વિશ્વમાં સમાજમાં પરિવર્તન આવ્યું છે, જેના કારણે પ્રણાલીગત ફેરફારો થયા છે. આ લોકશાહીનો સાર છે.

જ્યારે ચૂંટણીઓ યોજાય છે, ત્યારે સ્પર્ધા જરૂરી છે, જે દરમિયાન અન્યને પાછળ ધકેલી દેવા પડે છે, પરંતુ તેની પણ એક મર્યાદા છે. આ સ્પર્ધા જૂઠાણા પર આધારિત ન હોવી જોઈએ. શા માટે લોકો ચૂંટાય છે, સંસદમાં જવા માટે, વિવિધ મુદ્દાઓ પર સર્વસંમતિ બનાવવા માટે. અમારી પરંપરા સર્વસંમતિ બનાવવાની છે.સંસદમાં બે પક્ષો કેમ છે? જેથી કરીને કોઈપણ મુદ્દાના બંને પક્ષોને સંબોધિત કરી શકાય. દરેક સિક્કાની બે બાજુ હોય છે, તેવી જ રીતે દરેક મુદ્દાની બે બાજુઓ હોય છે. સંસદમાં બે પક્ષો જરૂરી છે. દેશ ચલાવવા માટે સંમતિ જરૂરી છે. સંસદમાં સર્વસંમતિથી નિર્ણયો લેવા માટે બહુમતીનો પ્રયાસ કરવામાં આવે છે, પરંતુ દરેક પરિસ્થિતિમાં બંને પક્ષોએ શિષ્ટાચાર જાળવવો પડે છે. એવી વ્યવસ્થા છે કે સંસદમાં એક પ્રશ્નના બંને પક્ષો આગળ આવે. વિપક્ષને વિરોધી પક્ષની જગ્યાએ પ્રતિપક્ષ કહેવું જોઈએ.

# જામનગરમાં વ્યસન મુક્તિ માટે હસ્તાક્ષર ઝુંબેશ , પેમ્પલેટ વિતરણ , નુક્કડ નાટક , રેલી પપેટ શો તેમજ મોઢાના કેન્સરની તપાસ સહિતના કાર્યક્રમો યોજાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા ૨૦ મે થી ૦૬ જુન સુધી હસ્તાક્ષર ઝુંબેશ, પેમ્પલેટ વિતરણ, નુક્કડ નાટક, જાગૃતિ રેલી, પપેટ શો, મોઢાના કેન્સરની તપાસ સહિતના કાર્યક્રમો યોજાયા વિશ્વમાં દર વર્ષે ૧.૪૦ કરોડ લોકોમાં કેન્સરનું નિદાન થાય છે. દર વર્ષે ૮૮ લાખ લોકો કેન્સરથી મૃત્યુ પામે છે. વિશ્વમાં થતાં મરણોમાં કેન્સર બીજા ક્રમે છે. દર ૬ મરણમાં એક મરણ કેન્સરથી થાય છે. ત્રીજા ભાગના કેસો તમાકુની કુટેવોના કારણે થાય છે.વિશ્વભરમાં ૧૦૦ કરોડથી પણ વધુ લોકો તમાકુને લગતી અલગ-અલગ પ્રકારની પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે. તેમાંના ૮૦ ટકાથી પણ વધારે લોકો ભારત તેમજ અન્ય વિકાસશીલ દેશોમાં રહે છે. ઘણા ખરા લોકો તમાકુના વપરાશકર્તા ખાસ કરીને ધુમ્રપાન કરતા લોકોના સતત સંપર્કમાં રહેવાના કારણે પણ મોટી

બીમારીઓનો ભોગ બનતા હોય છે અને મૃત્યુ પામે છે.તમાકુના ઉત્પાદન દેશ અને સમાજના વિકાસ માટે ખતરા સમાન છે અને સ્વાસ્થ્ય, સામાજિક અને આર્થિક રીતે પણ હાનિકારક છે. તમાકુના વ્યસનની મોટાભાગે મોજ-મજા અને ક્ષણિક આનંદ સાથે શરૂઆત થતી હોય છે. દેખા દેખી, મિત્રો અને આસપાસના લોકોના પ્રભાવના કારણે જે આગળ જતા વ્યસનમાં પરિવર્તિત થાય છે. વ્યક્તિને તમાકુ ન મળતાં બેચેની, ઉદાસી, અકળામણ, તણાવ, ઊંઘમાં ખલેલ વગેરેની ફરિયાદો શરૂ થાય છે.યુવાનોમાં તમાકુનો ઉપયોગ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. તમાકુમાં નિકોટીન નામનો નશાયુક્ત પદાર્થ હોય છે. તેનું સેવન કરતા વ્યક્તિને થોડા સમય માટે ખુબ જ આનંદ પ્રાપ્ત થાય છે પરંતુ લાંબાગાળાના સેવન બાદ તે શરીરને અસર કરે છે જેમ કે ફેફસાં, પેટ, હૃદયની તકલીફો અને આગળ જતા જ્ઞાનતંતુઓને પણ અસર કરી શકે છે.આ સાથે તમાકુ વ્યક્તિની માનસિક, સામાજિક અને આર્થિક સ્થિતિને પણ વ્યાપકપણે નુકસાન પહોંચાડે છે.તમાકુ છોડવાના કેટલાક ઉપાયો.સૌ પ્રથમ તો તમાકુ છોડવાના શારીરિક અને આર્થિક ફાયદાઓ વિશે વિચારો જેમ કે કેન્સર અને હૃદયરોગ થવાના જોખમો ઘટશે, હૃદય પરનો તણાવ અને સ્નેહીજનોને તમારા વ્યસનથી કોઈ નુકસાન નહીં થાય અને કાયમી ખાંસી કે ઉધરસની સમસ્યાઓ નહીં રહે અને દાંત વધારે સફેદ અને ચોખ્ખાં રહેશે. સાથો સાથ આર્થિક બચત પણ થશે.

તમાકુ છોડવાની પ્રક્રિયા બહુ જ જટિલ છે અને લગભગ ૮૦ ટકા લોકો તમાકુ છોડવાનો પ્રયત્ન કરતા જ હોય છે. તમાકુ છોડવાના અગત્યના અને પ્રથમ સ્ટેપમાં વ્યક્તિની ઈચ્છા અને દ્રઢ મનોબળ (સંકલ્પ) જવાબદાર હોય છે. બીડી, સિગારેટ, પાન, મસાલા નજરે ન ચડે તે રીતે રાખો તમાકુ સેવન કરવાની તમારી 'તલપ'ને સમજો અને તેને પહોંચી વળવાના માર્ગો શોધી કાઢો. વ્યસની લોકોથી દૂર રેહવાની કોશિશ કરો. તલપ લાગે ત્યારે બેઠા બેઠા કે ઉભા ઉભા ઊંડા શ્વાસ લેવાનો પ્રયાસ કરો. પાણીનો ગ્લાસ લઇને કસરત કરવી એ પણ તલપ ઘટાડવામાં મદદ કરે છે. ચ્યુઇંગ ગમ, વરિયાળી, પીપરમિન્ટ, આમળા જેવું કંઇક મોઢામાં મુકવાનો પ્રયાસ કરો અને ઊંડા શ્વાસ લેવાની પ્રેક્ટિસ કરો. તમાકુ લેવાનું મન થાય ત્યારે તમારા બાળકો અંગે વિચારો અને તેમના ભવિષ્ય પર શું અસર પડશે તે અંગે વિચારો. તમાકુ છોડવાની કોઈ એક તારીખ નક્કી કરો. તમને મદદ કરી શકે તેવી કોઈ વ્યક્તિ શોધી કાઢો, આયોજન કરો, જાતને સતત હકારાત્મક પ્રતિભાવો આપો, રોજ કસરત કરો, ચાલવા જાવ, નવા શોખ વિકસાવો, સક્રિય બનો અને તંદુરસ્ત આહાર લો.આ વર્ષની થીમ પ્રોટેકટીંગ ચીલ્ડ્રન ફ્રોમ ટોબકો ઇન્ડસ્ટ્રી ઇન્ટરફિયર્સ છે એટલે કે ટોબેકો ઇન્ડસ્ટ્રીના દખલથી બાળકોને રક્ષણ આપવું તે છે. તમાકુના સેવનથી બાળકો અને યુવાનો પર કેવી અસર થાય છે તે અંગે આપણે માહિતી મેળવી આ ટોબેકો ઇન્ડસ્ટ્રીની ચાલાકી પૂર્ણ યુક્તિઓથી યુવાનોને બચાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકવાની જરૂર છે. આ ઇન્ડસ્ટ્રીઝનો હેતુ ધુમ્રપાન કરનારાઓ અને નિકોટીન વપરાશ કર્તાઓની નવી પેઢી બનાવવાનો છે. આપણા દેશમાં ધુમ્રપાન તથા તમાકુના સેવનને ઘટાડવામાં ઘણી પ્રગતિ થઈ હોવા છતાં સિગરેટ અને નિકોટીન પાઉચ જેવા ઉત્પાદનોની ઝપેટમાં બાળકોને યુવાનો આવી રહ્યા છે.આ થીમને ધ્યાને લઈ સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પીટલ, જામનગરે ૨૦ મે થી ૬ જૂન ૨૦૨૪ સુધીમાં વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન જનજાગૃતી માટે કર્યું છે. જેમાં હસ્તાક્ષર ઝુંબેશ, તમાકુ જાગૃતિ ચર્ચા, પેમ્પલેટ વિતરણ, તમાકુ નિષેધ શપથ, નુક્કડ નાટક, પ્રતિસાદ સ્પર્ધા, જાગૃતિ રેલી, કટપુતળી શો, બાઈક અને સાઇકલ રેલી, બાળકોની ચિત્ર સ્પર્ધા, તમાકુ સબ યાત્રા, આ વર્ષના થીમ ઉપર નવીન વિચાર સ્પર્ધા, મોઢાના કેન્સરની તપાસ માટેનો મફત કેમ્પ, ઓરલ હેલ્થ ચેકઅપ કેમ્પ વગેરે કરેલ છે.કોલેજના ડીન ડો.નયના પટેલે પોતાના સંદેશમાં કહ્યું છે કે હું દરેકને મોઢાના સ્વાસ્થ્ય અને એકંદર સુખાકારી પર તમાકુની હાનિકારક અસરોને ઓળખવા વિનંતી કરું છું. વિશ્વ તમાકુ નિષેધ દિવસ અંતર્ગત ચાલો આપણે તેજસ્વી સ્મિત અને સ્વસ્થ ભવિષ્ય માટે તમાકુ-મુક્ત જીવનશૈલી માટે પ્રતિબદ્ધ થઈએ. યાદ રાખો, તમાકુ છોડવાથી માત્ર જીવન જ બચતું નથી પણ તમારા સ્મિતની સુંદરતા પણ જળવાઈ રહે છે. તમાકુ અંગેની જાગૃતિ ફેલાવવા અને તમારી આસપાસના લોકોને પ્રોત્સાહિત કરવામાં અમારી સાથે જોડાઓ. સાથે મળીને, આપણે એક સ્વસ્થ, સુખી સમુદાય બનાવી શકીએ છીએ.

# જામનગરમાં નકલી પોલીસ બનીને આવેલા બે શખ્સની ધરપકડ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અંધાશ્રમ બ્રિજ પાસે વાહનની રાહ જોઈને ઉભેલા સેતાલુસ ગામના એક યુવાનને પોલીસની ઓળખ આપી બે શખ્સે લૂંટી લીધો હતો. આ શખ્સોને એલસીબીએ દબોચી લીધો છે. આરોપી પૈકીના એક સામે અગાઉ પાંચ ગુન્હા નોંધાયા છે.લાલપુરના સેતાલુસ ગામના રહેવાસી ભલાભાઈ અમરાભાઈ લાબરીયા ગઈ તા.૮ના દિને સેતાલુસથી દવાખાનાના કામે જામનગર આવ્યા હતા. ત્યાંથી કામ પૂર્ણ થયા પછી પરત સેતાલુસ જવા માટે ભલાભાઈ વાહનની રાહ જોઈને દિગ્જામ સર્કલ નજીક આવેલા અંધાશ્રમ પાસે પુલના ભાગ નજીક ઉભા હતા.આ વેળાએ એક બાઈકમાં ધસી આવેલા બે શખ્સે ભલાભાઈને બોલાવ્યા પછી પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી તું પીધેલો છે, તારો કેસ કરવો પડશે તેમ કહી બાઈકમાં બેસી જવા ફરમાન કર્યું હતું. ગભરાયેલા ભલાભાઈને વચ્ચે બેસાડી લઈ બાઈકચાલકો ત્યાંથી ઉપાડી ગયા હતા. તે પછી માર્ગમાં આ શખ્સોએ ભલાભાઈને ગભરાવી મૂક્યા હતા અને તે પછી ખોડિયારકોલોની સામે આવેલી નિલકમલ સોસાયટીવાળા રોડ પર ક્રિષ્ના સ્કૂલ નજીક તેઓને ઉતારી મૂકી ખિસ્સામાંથી રૂ.૯૫૦૦ રોકડા લૂંટી લીધા હતા. આ બાબતની સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.નકલી પોલીસ સામે અસલી પોલીસે આઈપીસી ૩૯૨ સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી તપાસ આદરી હતી. જેમાં એલસીબીએ પણ ઝૂકાવ્યું હતું. પીઆઈ વી.એમ. લગારીયાના વડપણ હેઠળ પીએસઆઈ આર.કે. કરમટા, પીએસઆઈ પી.એન. મોરીની ટીમ લૂંટ તથા અપહરણના આ ગુન્હાના આરોપીઓને શોધતી હતી. જેમાં સ્ટાફના હિતેન્દ્રસિંહ, દિલીપ તલાવડીયા, સંજયસિંહ, કાસમભાઈને બાતમી મળી હતી કે, આ ગુન્હામાં સંડોવાયેલા બંને શખ્સ ખોડિયારકોલોની નજીક મહાકાળી ચોક પાસે આવ્યા છે અને અન્ય ગુન્હાને અંજામ આપવાની તૈયારી કરે છે. તે બાતમીના આધારે ધસી ગયેલી એલસીબી ટીમે રામેશ્વરનગર પાછળ નંદન પાર્કમાં રહેતા મહેશ ગોપાલભાઈ ચુડાસમા ઉર્ફે મયુર ઉર્ફે મયલા તથા રામનગરમાં રહેતા મુન્ના ઉર્ફે રાજદીપસિંહ બાબભા પરમાર નામના બે શખ્સને દબોચી લીધા હતા.બંને શખ્સને એલસીબી કચેરીએ ખસેડી પૂછપરછ શરૂ કરાતા આ શખ્સોએ ઉપરોક્ત લૂંટ આચર્યાની કબૂલાત આપી રૂ.૯૫૦૦ કાઢી આપ્યા છે. બંનેનો કબજો સિટી સી ડિવિઝનને સોંપવામાં આવ્યો છે. આરોપી પૈકીના મહેશ ઉર્ફે મયુર સામે જામનગરમાં સિટી એ, બી, સી ડિવિઝનમાં પાંચ ગુન્હા તથા રાજકોટના થોરાળા પોલીસ મથકમાં એક ગુન્હો નોંધાયેલો છે.

# જામનગરની સજુબા ગર્લ્સ હાઈસ્કુલ તથા દિગ્વિજયસિંહજી ન્યુ સરકારી હાઈસ્કુલમાં પ્રવેશ મેળવવા વાલીઓને જિલ્લા શિક્ષણ તંત્રનો અનુરોધ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સજુબા ગર્લ્સ હાઈસ્કુલ તથા દિગ્વિજયસિંહજી ન્યુ સરકારી હાઈસ્કુલમાં પ્રવેશ મેળવવા વાલીઓને જિલ્લા શિક્ષણતંત્રનો અનુરોધ.સરકારી શાળાઓ તરફ વાલીઓનો ઝુકાવ વધ્યો છે તેમાંય જામનગરની સરકારી હાઇસ્કુલ્સમાં ખુબ સારી સંખ્યા જોવા મળે છે. આ શાળાઓ સુવિધાઓ, સંશાધનો, પુરતો અને પ્રશિક્ષીત સ્ટાફ, યોગ્ય મુલ્યાંકન, નીરીક્ષણ, સ્ટાફની ધગશ ઉપરાંત વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા પુસ્તકો વિનામુલ્યે પુરા પાડે છે તો જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પણ આપે છે. સાથે સાથે યોગ્ય સંખ્યાનો સમાવેશ થાય તેવા વર્ગખંડો, પ્લે ગ્રાઉન્ડ્ અને રમતગમતના સાધનો વગેરે સાથે આ સરકારી શાળાઓ સજ્જ છે.તાજેતરમાં જ ગુજરાત બોર્ડમાં સજુબા હાઇસ્કુલની વિદ્યાર્થીનીઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં ઝળકી છે તે ગૌરવની વાત છે. ''અમે હોંશિયાર વિદ્યાર્થીઓ શોધતા નથી વિદ્યાર્થીઓને હોંશીયાર બનાવીએ છીએ'' તેમ જણાવી આચાર્યા બીનાબેન દવેએ સૌ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે અને જામનગરની વધુમાં વધુ વિદ્યાર્થીનીઓ આ શાળામાં પ્રવેશ લઈ પોતાના ઉજ્જ્વળ ભવિષ્યની કેડી કંડારે તે માટે અનુરોધ કર્યો છે. આવી જ જામનગરની અન્ય એક સરકારી શાળા છે. દિગ્વિજયસિંહજી ન્યુ સ્કુલ કે જેનુ ધોરણ ૧૨ બોર્ડમાં ૯૬ ટકાથી વધુ પરીણામ આવ્યુ છે અને માત્ર એક જ વિદ્યાર્થી નાપાસ થયેલ છે. સમયની સાથે શાળાના પરિણામમાં પણ ઉતરોતર વધારો થતો જોવા મળે છે.આ બંન્ને સરકારી શાળાઓએ જામનગરનુ ગૌરવ વધાર્યુ છે અને એક સંદેશો વહેતો મુક્યો છે કે અહિં અનેકવિધ આયામોથી વિદ્યાર્થીઓની કારકીર્દીનુ ઘડતર થાય છે. આ તકે જામનગર જિલ્લા શિક્ષણાધીકારી બી.એન.વીડજાએ આ બંન્ને સરકારી શાળાઓના આચાર્ય બીનાબેન દવે, બી.બી.કળસારીયા, વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફને અભિનંદન પાઠવ્યા છે અને વિદ્યાર્થીઓ અને વાલીઓને આ શાળાઓમાં વધુમાં વધુ પ્રવેશ મેળવવા અનુરોધ કર્યો છે

# જસદણ નગરપાલિકા પાસે ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ: રાજકોટ અગ્નિકાંડ જેવી ઘટના બને તે પહેલાં તંત્રએ કુંભકર્ણની નિંદ્રામાંથી જાગવુ જરૂરી




**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ નગરપાલિકા પાસે ફાયર સેફ્ટીના સાધનો નથી અને પાલિકાના કર્મચારીઓ ફાયર સેફ્ટી ની ચકાસણી માટે હોસ્પિટલો સહિતની જગ્યા ઉપર દરદર ભટકી રહ્યા છે પરંતુ નગરપાલિકાના પોતાના જ ઘરે મોટી ખાટલાની ખોટ છે એક પણ શાખા ની અંદર ફાયર સેફ્ટીના સાધનો નથી અને ચીફ ઓફિસર ને પૂછવામાં આવે તો તેવું જણાવે છે કે અમારે તો ભાડાનું મકાન છે અરે ભાઈ ભાડાનું મકાન હોય તો પણ ફાયર સેફ્ટીના સાધનો જોઈએ જ કાંઈ આગ લાગી કોઈ નાગરિક ફરિયાદ લઈને આવે અને બળીને ભરથુ થઈ જાય તો જવાબદારી કોની પત્રકાર તથા પૂર્વ નગર સેવક નરેશભાઈ ચોહલીયા એ પ્રશ્ન પૂછતા ચીફ ઓફિસરે જવાબ આપેલ કે પાલિકા ભાડાના ભાડાના મકાનમાં આયર સેફ્ટી ના સાધનો હાલ રીપેરીંગમાં સર્વિસમાં મોકલેલ હોય બે દિવસમાં અમે લગાડી આપીશું તેમ જણાવેલ હતું એટલે ફાયર સેફ્ટીના સાધનો નહીં રાખવાના અને શહેરની હોસ્પિટલો સહિત અન્ય જગ્યાએ ફાયર સેફ્ટી માટે તમારે ફાફા મારવાના તમારી એક પણ ઓફિસમાં ફાયર સેફ્ટીના સાધનો નથી તેની જાત તપાસ કરતા માલુમ પડ્યું ખાટલે કેવડી મોટી ખોટ અધિકારીઓ કર્મચારીઓ ઘોર નિદરામાં પોઢી રહ્યા છે જસદણ નગરપાલિકાની અંદર મોટી સંખ્યામાં અરજદારો આવી રહ્યા હોય કોઈ ફાયર સેફ્ટીની સુવિધા ન હોવાને કારણે ગમે ત્યારે શોર્ટ સર્કિટ કે આગ જનીની ઘટના બને ત્યારે આની જવાબદારી કોની સુરત તક્ષશિલા કાંડ હરણી બોટ કાંડ મોરબી પુલ દુર્ઘટના રાજકોટ ગેમ જોનમા જીવતા સળગાવી દેવાનું કાંડ થયું હોવા છતાં જસદણ પાલિકામાં કોઈ જવાબદાર છે કે નહીં તેઓ લાખ મણનો સવાલ જસદણ નગરપાલિકાના પૂર્વ નગર સેવક નરેશભાઈ ચોહલીયા ઓ ઉઠાવ્યો છે

# જામનગરના પવનચક્કી રોડ પરની ખાનગી હોસ્પિટલની લિફ્ટમાં બે મહિલા ફસાઈ

## ફાયર બ્રિગેડને જાણ કરતા લિફટમાં ફસાયેલા બે મહિલાઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ખાનગી હોસ્પિટલની લિફ્ટમાં મહિલા ફસાયા જામનગરના પવનચક્કી રોડ પર, નંદનવન પાર્ક વિસ્તાર સ્થિત શંકુસ કેન્સર હોસ્પિટલમાં દર્દીના સગા લિફ્ટમાં સફાઈ ગયા હતાં. ઈમારતના પાંચમા માળે હોસ્પિટલ હોવાથી દર્દીના સગા લિફ્ટમાં નીચે આવતા હતા. ત્યારે અચાનક જ વીજ પુરવઠો ખોરવાય જતાં લિફ્ટ અધવચ્ચે બંધ થઈ હતી. આ પછી તાત્કાલીક ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર શાખાની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને લિફટમાં ફસાયેલા બે મહિલાઓને લિફ્ટમાંથી બહાર કાઢવામાં આવ્યા હતાં.

# હૃદય રોગના કારણે અવસાન પામેલ હોમગાર્ડ જવાનના વારસદારને રૂ.૧.૫૫ લાખની સહાય ચુકવાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાનાં સિક્કા યુનિટના હોમગાર્ડઝ સભ્ય હસમુખભાઇ ભગવાનજીભાઈ જાદવનું હૃદય રોગના હુમલાને કારણે અવસાન થતા જિલ્લા કચેરીનાં વહીવટી સ્ટાફ અને સિક્કા યુનિટના ઓફિસર કમાન્ડિંગ મારફત તેમનાં પત્ની તેજલબેન હસમુખભાઇ જાદવે હોમગાર્ડઝ કલ્યાણ નિધીમાંથી અવસાન સહાય મેળવવા દરખાસ્ત કરેલ. જે ધ્યાને લઈ વડી કચેરીની કમિટી દ્વારા આ દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી જે અનુસંધાને મૃતકના પરિવારજનોને હોમગાર્ડઝ કલ્યાણ નિધીમાંથી રૂ.૧,૫૫,૦૦૦ની સહાય મંજુર થતાં આ રકમનો ચેક જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા, સિક્કા કમાન્ડિંગ ઓફિસર શ્રવણ પ્રજાપતી તથા વહીવટી કર્મી ગીરીરાજસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં તેમનાં વારસદાર પત્નીને આપવામાં આવ્યો હતો.

## અવસાન નોંધ



મોરબી : મૂળ બગથળા બગથળા હાલ ભરૂચ નિવાસી સંજયભાઈ રવજીભાઇ સાણંદિયા (ઉ.વ.૫૨) તે રવજીભાઈ ગાંડુભાઈ સાણંદિયાના પુત્ર તેમજ મુકેશભાઈ અને ગીરીશભાઇના ભાઇ તથા અંશિલ અને દેવિશાના પિતા તા.૯ ના રોજ અવસાન પામેલ છે.સદગતનું બેસણું તા.૧૩ ને ગુરૂવારે સાંજે ૪ થી ૭ પટેલ સમાજ વાડી, યુનીટ-૧, બગથળા તા.જી.મોરબી ખાતે રાખેલ છે.મુકેશભાઇ (મો.૯૯૯૮૮ ૮૪૯૩૯) ગીરીશભાઇ (મો.૯૪૨૮૫ ૬૦૧૬૯)

## અવસાન નોંધ



મોરબી નિવાસી સ્વ. ઓમકારસિંહ વર્મા (વે.રેલવે) ના ધર્મપત્ની સ્વ.જ્યોત્સનાબેન (ઉ. વ. ૮૫) તે કુલદીપસિંહ તથા વિવેકસિંહ ના માતુશ્રીનું તા. ૧૧/૦૬/૨૦૨૪ ના મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગત નું ઉઠમણું તા. ૧૩/૦૬/૨૦૨૪ ગુરુવાર સવારે ૧૦ થી ૧૨ તેમના નિવાસ સ્થાન ગજાનન ટાવર, સોમનાથ સોસાયટી, રવાપર રોડ, મોરબી મુકામે રાખેલ છે.

# પોતાના પરિવારથી વિખુટા પડેલ માનસિક અસ્વસ્થ મહિલાને આશ્રય અપાવતું જામનગર સખી વન સ્ટોપ સેન્ટર

## રખડતું ભટકતું જીવન જીવતા મહિલા માટે જૂનાગઢ જિલ્લાના દેવંગી આશ્રમ નકલંક ધામ ખાતે સુરક્ષિત આશ્રયની વ્યવસ્થા કરાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં માનસિક અસ્વસ્થ મહિલા કામદાર કોલોની એક પેટ્રોલ પંપ વિસ્તારમાંથી મળેલ હોય તે બાબતની જાણ એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનને કરેલ. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનને મહિલાની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખીને જામનગરસખી વન સ્ટોપ સેન્ટર પર આ મહિલાને લઇ આવેલ.સેન્ટરના કર્મચારીઓ દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળેલ કેમહિલા માનસિક રીતે થોડા અસ્વસ્થ હોય જેથી તેઓને માનસિક શાંત્વના આપી વાતચીત કરતા જાણવા મળેલ કે બહેન રોડ પર રહેતા હોઈ, સતત બોલ-બોલ કરવાનો સ્વભાવ વાળા તેમજ નશાના બંધાણી છે. વ્યસનના લીધે બહેનની માનસિક સ્થિતિ ખરાબ થયેલ હોય જેથી બહેનના પરિવારજનો બહેનને રાખવા તૈયાર ન હોય તેથી સેન્ટરના કેન્દ્ર સંચાલક હેતલબેન અમેથીયા દ્વારા તથા સેન્ટરના સ્ટાફ દ્વારા બહેનને સ્વચ્છ કરીને માનસીક સાંત્વના તથા સહાનુભૂતિ આપી બહેનને પ્રેમભર્યુ અને સુરક્ષીત વાતાવરણ પૂરું પાડેલ,તેથી બહેને પોતાનાં અને પોતાનાં પરિવાર વિશે માહિતી આપતા જણાવ્યુ કે પોતે જિંદગીથી કંટાળી ગયેલ છે અને જીવવા માંગતા નથી. અત્યાર સુધી તેમના પર કેવા કેવા બનાવો બન્યા, તેઓએ કેવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો વગેરે બાબતો કોઈ ડર કે સંકોચ વિના કહેલ. આથી બહેનની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ દ્વારા બહેનના આશ્રય માટે અલગ-અલગ આશ્રમનો સંર્પક કરેલ. છેવટે જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં દેવંગી આશ્રમ નકલંક ધામ-ગંગેડી દ્વારા બહેનને રાખવા માટેની તૈયારી બતાવતા સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા બહેનને આશ્રમ ખાતે લઇ જવાની વ્યવસ્થા કરાઈ. ઘણા લાંબા સંઘર્ષ બાદ બહેનને યોગ્ય આશ્રય મળતા બહેન ભાવુક થયેલ ત્યારે કેન્દ્ર સંચાલક દ્વારા બહેનને આશ્વાસન આપેલ કે તેઓની માનસિક સ્થિતિ સારી થઇ ગયા બાદ તેઓને પૂન; તેમના ઘરે લઇ જશે અને પોતાનાં પરિવાર સાથે મિલન કરાવશે.

# હળવદમાં ટીઆરપી ગેમઝોનમાં મૃત્યુ પામેલા દિવંગતો તેમજ પિતાની પુણ્યતિથિ નીમિતે પુત્રએ કર્યું મહારકતદાન કેમ્પનું આયોજન





**મુખ્ય સમાચાર, મોરબી**

રાજકોટમાં બનેલ ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિ કાંડની દુર્ઘટના ઘટી હતી. જેમાં મૃત્યુ પામેલ જીવાત્માનોના કલ્યાણ અર્થે હળવદમાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન શ્રી લોહાણા મહાજન વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જે આયોજનમાં વિશ્વ હિન્દુ પરિષદ , પાટિયા ગ્રુપ , છોટાકાશી હળવદ સેવા ગ્રુપ , ફ્રેન્ડ્સ્ યુવા ગ્રુપ , ઇડ્ક ગ્રુપ , યુવા ભાજપ , દિલ સે ફાઉન્ડેશન અને આઇ શ્રી ખોડિયાર રામદેવ રામા મંડળ ના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.જે રક્તદાન કેમ્પમાં સ્વ. પુનરવસુભાઈ એચ રાવલની નવમી માસિક પુણ્ય તિથિ નિમિત્તે મુખ્ય દાતા તરીકે તેમના પુત્ર મનીષભાઈ રાવલ અને કેદારભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.જે બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૧૦ બ્લડની બોટલ એકત્ર થઇ હતી.

જે સિવિલ હોસ્પિટલ અમદાવાદ (અસારવા) ખાતે લોહીની જરૂરિયાત છે તેવા દર્દી નારાયણ માટે નિઃશુલ્ક ઉપયોગમાં લેવામાં આવશે. ત્યારે આ કેમ્પમાં યુવાન ભાઈઓ, બહેનો અને વડીલોએ મિત્ર વર્તુળ સાથે આવી રક્તદાન કરવા આયોજકોએ અપીલ કરી હતી. જે કેમ્પમાં મુખ્ય દાતા તરીકે સ્વ. પૂનરવસુભાઈ એચ રાવલની નવમી માસિક પુણ્ય તિથિ હોવાથી આ કેમ્પના મુખ્ય દાતા તરીકે તેમના પુત્રો મનીષભાઈ રાવલ અને કેદારભાઈ રાવલ જોડાયા હતા. ત્યારે આ કેમ્પમાં રક્તદાન કરી અને ઝછ્ઇ ગેમઝોનમાં મૃત્યુ પામેલ જીવાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હળવદના રાજકીય, સામાજિક આગેવાનોએ ખાસ હાજરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હળવદ તાલુકો સ્વૈચ્છિક રક્તદાન શિબિરના કેમ્પનું આયોજન કરવામાં અગ્રેસર છે. ત્યારે આજના કેમ્પમાં હળવદના સેવાભાવી નાગરિકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. હળવદ તાલુકાના વિવિધ સામાજિક ગ્રુપોના સભ્યોએ ઉપસ્થિત રહી સામૂહિક રક્તદાન કર્યું હતું. તેમજ ૫ વ્યક્તિઓએ પોતાના જન્મદિવસ નિમિતે રક્તદાન કર્યું હતુ તો ૫૫ વર્ષની ઉંમરે પોતાની જિંદગીમાં સર્વ રક્તદાન કરનાર દાદાએ રક્તદાન કરી જીવે ત્યાં સુધી નિયમિત રક્તદાન કરવા માટે કટિબદ્ધ બન્યા હતા. તદઉપરાંત ૪ દંપતિએ સજોડે રક્તદાન કરી સમાજને નવો રાહ ચીંધ્યો હતો. તેમજ વર્તમાન સમયમાં આકરી ગરમી પડી રહી છે.ત્યારે સમગ્ર કાર્યક્રમ અઈ હોલમાં રાખવામાં આવ્યો હતો. જેથી રક્તદાન કરવા આવેલ રક્તદાતાઓને રક્તદાન કરવા માટે સાનુકૂળતા રહી હતી. ત્યારે આ તકે શ્રી લોહાણા મહાજન વાડીના સર્વે સંચાલકોનો અને આ સેવાકીય કાર્યમાં સહયોગ આપનાર હળવદની જાહેર જનતાનો આયોજકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન માધ્યમથી કોરીયા મેટલ વીક-૨૦૨૪માં ભાગ લઈ વિદેશ વ્યાપાર વિકસાવવાની તથા ભારત સરકારની સહાયના લાભાર્થી બનવાની એક તક



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**
રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન દ્વારા એમ્.એસ.એમ્ઈ ઉદ્યોગ વિકાસ માટે ભારત સરકારના એમ્એસ.એમ્ઈ.મંત્રાલયની આઈ.સી.યોજના હેઠળ કૂલ ૨૦ ઉદ્યોગોને સાઉથ કોરિયા ખાતે આયોજીત કોરિયા મેટલ વીક-૨૦૨૪ માટે મંજૂરી આપવામાં આવી છે. આ એકજીબિશન ૧૬ થી ૧૮ ઓકટોબર, ૨૦૨૪ દરમિયાન યોજાનાર છે.

આ એકજીબિશનમાં ભાગ લેવા ઈચ્છુક ઉદ્યોગકાર માટે જાણવા જેવી બાબતો,

૧. આ એકજીબિશન ૧૯૮૯ (૩૫ વર્ષો) થી થઈ રહ્યું છે.

૨. આ એકજીબિશન કોરિયા ટ્રેડફેર્સ લી. દ્વારા આયોજીત કરવામાં આવે છે, આ કૂલ ૧૪ કોરિયન સંસ્થાઓ દ્વારા સ્પોન્સર કરેલ છે.

કોરિયા ડાઈકાસ્ટ ઈન્ડસ્ટ્રી કોઓપરેટિવ, કોરિયા ફાઉન્ડ્રી સોસાયટી, કોરિયા ઈન્ડસ્ટ્રીયલ કોમ્પ્લેક્ષ કોર્પોરેશન, કોરિયા નોનફેરસ મેટલ એસોસિએશન, કોરિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેટલ્સ એન્ડ મટિરિયલ્સ, કોરિયા માસ્ટર ટેકનિશિયન એસોસિએશન, કોરિયા મેઝર ઈન્સ્ટુમેન્ટસ રસર્ચ એસોસિએશન, કોશ્રિયા મેટલ ઈન્સ્ટ્રી કોઓપરેટિવ, કોરિયા સરફેસ ટ્રીટમેન્ટ ઈન્ડસ્ટ્રી કોઓપરેટીવ, કોરિયા પમ્પ ઈન્ડસ્ટ્રી કોઓપરેટિવ્સ, ૩ડી કન્વર્જન્સ ટેકનોલોજી સેન્ટર

૩. કઈ-કઈ ઈન્ડસ્ટ્રી ભાગ લઈ શકે ?
ફાસનર્સ, વાયર, ફાઉન્ડ્રી, ડાઈ કાસ્ટીંગ, ટયુબ, પાઈપ (મેટાલિક), પ્રેસ , શીટમેટલ, ફોર્જિંગ, પંપ, પંપ ટેકનોલોજી ઈન્ડસ્ટ્રી, મેટલ સરફેટ ટ્રીટમેમન્ટ, લેસર, વેલ્ડિંગ, કંટ્રોલ, મેજરમેન્ટ, ઓટોમેશન, ૩ડી ટેકનોલોજી

૪. આ એકજીબિશનમાં ભાગ લેવા :
પાર્ટિસિપેશન કોસ્ટ : ૩.૨૫ લાખ (રૂ.)
જેમાં ૯ ચો.મીટર નો સ્ટાન્ડર્ડ સ્ટોલ ઈન્ડિયા પેવેલિયન બ્રાન્ડિંગ સાથે આપવામાં આવતે તથા સ્પોટલાઈટ:૨, એક રાઉન્ડ ટેબલ-ત્રણ ખુરશી, ઈન્ફોર્મેશન (રિસેપ્સન) ટેબલ-૧ખુરશી, ઈલેકટ્રીક સપ્લાય શોકેટ, કચરાપેટી તથા આ સાથે રાજકોટ એન્જીનીયરિંગ એસોસીએશન દ્વારા ખાસ ૪ રાત્રી માટે હોટેલ અકોમોડેશન વિથ બ્રેકફાસ્ટની વ્યવસ્થા કરેલ છે.
ઉપરોક્ત વ્યવસ્થાઓ અને સુવિધાઓ પાર્ટિસિપેશન કોસ્ટમાં ક્વર થશે

૫. ભારત સરકારની સહાય અંગે :
હાલ આપણા રાજકોટ એન્જીનીયરિંગ એસોસીએશનને ૨૦ પાર્ટિસિપેશન માટે મંજૂરી ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે.
આ સહાય રીઈમ્બર્શમેન્ટ (વળતર) પેટે રહેશે. જેમાં સ્ટોલ બૂથ કોસ્ટ : ૩ લાખ સુધી, એરફેર (ઈકોનોમી કલાસ) : ૧ લાખ સુધી એક વ્યક્તિ માટે, ફેટ કોસ્ટ : ૫૦ હજાર સુધી આપે તેવી મંજૂરીને આધીન જોગવાઈ છે. (પોલોસી/ગાઈડલાઈનની શરતોને આધીન)

૬. ખાસ નોંધ :
૧. રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન છેલ્લા ઘણા વર્ષોથી એકપોર્ટ પ્રમોશનની પ્રવૃતિ ઉદ્યોગોનો લાભાર્થે કરે છે. જેના અનુસંધાને દરેક પાત્ર સહાય મળેલ છે.
૨. સ્ટોલ એલાટમેન્ટ ઓર્ગેનાઈઝર દ્વારા આપવામાં આવશે તે બધાયે માન્ય રાખવાના રહેશે. સ્ટોલ લોકેશન પસંદગી પ્રેફરન્સ આપવામાં આવશે નહીં.
૩. ભારત સરકારની પોલીસી / ગાઈડલાઈનની શરતોને આધીન સંપૂર્ણ પ્રક્રિયા થશે. સહાયની રકમ ભારત સરકાર દ્વારા રાજકોટ એન્જીનીયરિંગ એસોસીએશનને મળ્યા બાદ બધા પાર્ટિસિપેન્સને ચૂકવવામાં આવશે.
૪. બુકિંગ વહેલા તે પહેલાના ધોરણે નીચે મુજબની બુકિંગ પ્રક્રિયાને આધીન કરવામાં આવશે.
૫. બુકિંગ માટેના ચેક રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનના નામે રહેશ.
૭ બુકિંગ કરાવવા માટે :
બુકિંગ સમયે એડવાન્સ બુકિંગ પાર્ટીસીપેશન કોસ્ટ પેટે ૧ લાખ રૂ.નો ચેક આપવાનો રહેશે. તથા ૨૦૦૦ રૂ.ડોક્યુમેટેશન ચાર્જ નો એક અલગ ચેક, આ બને રકમ સદંતર નોન-રીફંડેબલ રહેશે.
કોન્ટેક ડિટેલ તથા અન્ય ડોક્યુમેન્ટ જરૂર જણાયે સમય આવયે આપવાના રહેશે. બુકિંગ સમયે કોઈ ડોક્યુમેન્ટ આપવાના નથી.
પાર્ટીસીપેશન કોસ્ટ પેટે રૂ.૧ લાખ સિવાયની બાકી રહેલ રકમ નિશ્ચિત સમયમાં જમા કરવાની જાણ કરવામાં આવશે.
વિશેષ માહિતી માટે આપ રાજકોટ એન્જીનીયરિંગ એસોસીએશનના એકજીબિશન સંચાલન કમિટીના સભ્ય શ્રી સંજીવભાઈ વાડોદરીયા ૯૮૯૮૫૦૦૦૩૦ અને શ્રી નૈષધભાઈ કોરાટ ૯૮૨૫૫૩૬૬૩૭ નો સંપર્ક કરશો
વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ કરેલ.....
આપ તંત્રીશ્રીને વિનંતી છે કે આ માહિતી આપ મીડિયાના માધ્યમથી બધાને મળે જેથી ઈચ્છુક ઉદ્યમી લાભાર્થી બની શકે.

# ત્રંબા ખાતેના સંત સંમેલનમાં દેવી-દેવતાઓ વિશે ટીપ્પણી ન થાય તે માટે રણનીતિ નકકી કરવામાં આવી

## જગદ્દગુરુ શંકરાચાર્ય, મોરારિબાપુ, રમેશભાઈ ઓઝા ,ઈન્દ્રભારતી બાપુ, શેરનાથ બાપુ, દિલીપદાસજી બાપુ, મુક્તાનંદ બાપુ, નિર્મળાબા સહિતના સંતો મહંતો ઉપસ્થિત રહ્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**
રાજકોટના ત્રંબા ખાતે સંત સંમેલનનું આયોજન કરાયું હતું,જ્યા જગદ્ગુરુ શંકરાચાર્ય, મોરારિબાપુ, રમેશભાઇ ઓઝા ,ઇન્દ્રભારતી બાપુ, શેરનાથ બાપુ, દિલીપદાસજી બાપુ, મુક્તાનંદ બાપુ, નિર્મળાબા સહિતના સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા. સંત સંમેલનમાં સનાતનના રક્ષણ માટેની ચર્ચાઓ કરવામાં આવી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા કરાતી ટિપ્પણી અને વિવાદ બાદ હવે દેવી દેવતાઓ વિશે ટિપ્પણી ન થાય તે માટે રણનિતી નક્કિ કરવામાં આવી હતી.

સંત સંમેલનમાં સનાતનના સંતોએ સ્વામિનારાયણ સંપ્રદાયને આડેહાથ લીધો હતો. જેમાં કથાકાર રમેશભાઇ ઓઝાએ નામ લીધા વિના સ્વામીનારાયણ સંપ્રદાય પર પ્રહાર કર્યા હતા અને કહ્યું કે સાધુનું કામ બ્રેઇન વોશ કરવાનું નહીં હાર્ટ વોશ કરવાનું હોય છે. ગંગાના ઘાટ હોય છે, ઘાટની ગંગા ન હોય તેમ પણ તેમને ઉમેર્યું હતું. હું જ મોટો, મારા જ ગુરૂ મોટા આ વાત ન કરવી જોઇએ તેમ પણ તેમને કહ્યું હતું. ઘાટ પરથી જો ગંગા જતી રહે તો ઘાટ સુના થઇ જાય છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મોરારિબાપુએ પણ નામ લીધા વિના સ્વામિનારાયણ સંપ્રદાયને આડેહાથ લીધો હતો તેમને કહ્યું કે ગંગાનું પાણી પીવું છે, તેમાં નહાવું છે, પરંતુ ઘાટને મહાન ગણવો છે, ગંગામાં પાપ ધોવા છે, પણ ગંગાને મહત્વ નથી આપવું, આ બધુ અજાણતા નહિ પરંતુ જાણી જોઇને થાય છે તેમ મોરારી બાપુએ ઉમેર્યું હતું. રાજકોટના સંમેલનમાં સ્વામીનારાયણ સંપ્રદાયના એસ.પી. સ્વામી ઉપસ્થિત રહ્યા હતા, મૂળ સ્વામીનારાયણ સંપ્રદાયના સંત તરીકે લેખિતમાં તમામ માંગણીઓ સ્વીકારી હતી. વડતાલ સ્વામીનારાયણ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદે માગણી સ્વીકાર્યાનો દાવો મૂળ સંપ્રદાય તરફથી એસ.પી. સ્વામીએ ખાતરી આપી હતી.મૂળ સંપ્રદાયના કોઇ સાહિત્યમાં દેવી દેવતાનું અપમાનજનક લખાણ ન હોવાનો એસ.પી સ્વામીએ દાવો કર્યો હતો. તેમ છતાં જો પુસ્તકોમાં દેવી દેવતાઓનું અપમાન થતું લખાણ હશે તો તે દૂર કરાશે તેમ તેમને ઉમેર્યું હતું. સ્વામિનારાયણ સંપ્રદાય પણ સનાતન ધર્મનું જ અંગ તેમ એસ.પી. સ્વામીએ કહ્યું હતું.

# વિનીત અભિષેકે પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનો ચાર્જ સંભાળ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**
વિનીત અભિષેક, ૨૦૧૦ની સિવિલ સર્વિસીસ બેચના ભારતીય રેલવે ટ્રાફિક સર્વિસ ના અધિકારી, ૧૦મી જૂન, ૨૦૨૪ના રોજ પશ્ચિમ રેલવેના નવા મુખ્ય જનસંપર્ક અધિકારી તરીકે જોડાયા છે. મેનેજમેન્ટ સ્નાતક, વિનીત શહેરી આયોજન અને પરિવહનમાં ૧૯ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે અને જાહેર,કોર્પોરેટ અને નોન-પ્રોફિટ સેક્ટરમાં ફેલાયેલ છે. મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવેના વરિષ્ઠ ડિવિઝનલ કમર્શિયલ મેનેજર તરીકેના તેમના અગાઉના પદ પર, ટિકિટ ચેકિંગ અને બિન-ભાડા આવકના ક્ષેત્રમાં તેમણે બહુવિધ પહેલનું નેતૃત્વ કર્યું હતું જેના કારણે ડિવિઝને તેના ઇતિહાસમાં પ્રથમ વખત વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૪૦૦૦ કરોડની આવકનો આંકડો પાર કર્યો હતો.

વિનીતે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૧-૨૦૨૩ દરમિયાન મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, યુએસએ ખાતે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કર્યું, જ્યાં હાર્વર્ડ કેનેડી સ્કૂલ ઑફ ગવર્નમેન્ટમાં ક્રોસ નોંધણી સાથે, તેમણે સતત પરિવહન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ, મ્યુનિસિપલ ફાઇનાન્સિંગ, બજેટિંગ અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપમાં વિશેષતા મેળવી હતી. એમઆઈટીમાં, તેમણે એચ એચ હમ્ફ્રેન્ડ લીબ્રાઈટ ફેલોશિપ, જેએન ટાટા ફેલોશિપ અને એમઆઈની ગવર્નર્સ ઈનોવેશન વિવિધ રિસર્ચ ફેલોશિપ જેવી ફેલોશિપ સભા હતી.તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન, વિનીતે વિવિધ ઓન-સાઇટ પ્રોજેક્ટ્સમાં ભાગ લીધો હતો.

# ૧૩ જૂનની પોરબંદર-મુઝફ્ફરપુર મોતિહારી એક્સપ્રેસ ડાઈવર્ટ કરેલા રૂટ પર દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**
ઉત્તર પશ્ચિમ રેલવે ના અજમેર ડિવિઝન માં આવેલા બ્રિજ નંબર ૫૪૫ ના મેન્ટેનન્સ કામ અને પૂર્વ મધ્ય રેલવે ના સમસ્તીપુર ડિવિઝન માં નોન-ઇન્ટરલોકિંગ ના કામને કારણે રાજકોટ ડિવિઝન માં થી પસાર થતી પોરબંદર-મુઝફ્ફરપુર મોતીહારી એક્સપ્રેસ ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. ૧૩ જૂન, ૨૦૨૪ ના રોજ પોરબંદર થી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર મોતિહારી એક્સપ્રેસ, અજમેર ડિવિઝન માં બ્રિજ ના મેન્ટેનન્સ કામ ને લીધે તેના નિર્ધારિત રૂટ મારવાડ-અજમેર-ફુલેરા ના બદલે ડાઈવર્ટ કરેલા રુટ વાયા જોધપુર-મેડતા-ડેગાના થઈ ને સમસ્તીપુર ડિવિઝન માં તેના નિર્ધારિત રુટ નરકટિયાગંજ-બાપુધામ મોતિહારી-મુઝફ્ફરપુર ના બદલે ડાઈવર્ટ કરેલા રુટ વાયા નરકટિયાગંજ-સિકટા-રકસૌલ-સીતામઢી-મુઝફ્ફરપુર થઈ ને જશે. જે સ્ટેશનો પર આ ટ્રેન નહીં જાય તેમાં બ્યાવર, અજમેર, બેતિયા, સગૌલી, બાપુધામ મોતિહારી, ચકિયા અને મહેસી નો સમાવેશ થાય છે.

# મારવાડી યુનિવર્સિટી ખાતે સીઈ, આઈટી, એઆઈ અને આઈસીટી પ્રોગ્રામ્સના ૨૬ વિદ્યાર્થીઓને ટ્રેકવાઇઝ - ટીએસએસ કન્સલ્ટન્સીમાં પ્રી-પ્લેસમેન્ટ પ્રાપ્ત થયું




**રાજકોટ:** મારવાડી યુનિવર્સિટી માટે ફરી એકવાર ગર્વની ક્ષણ આવી છે, કારણ કે, તેના એન્જિનીયરિંગના ૨૬ વિદ્યાર્થીઓને પ્રી-પ્લેસમેન્ટ મળી ગયું છે, જેનો અર્થ એ છે કે આ વિદ્યાર્થીઓનું ગ્રેજ્યુએશન પૂરું થાય એ પહેલાં જ તેમને ખૂબ જ આકર્ષક નોકરી આપવામાં આવી છે. મારવાડી યુનિવર્સિટી ખાતે ભણાવવામાં આવતા વિવિધ વિષયો જેમ કે, કમ્પ્યૂટર એન્જિનીયરિંગ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ અને ઇન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (આઇસીટી)ના સાતમા સેમીસ્ટરમાં અભ્યાસ કરી રહેલા ૨૬ વિદ્યાર્થીઓની હાલમાં જ યોજાયેલા પ્રી-પ્લેસમેન્ટ રાઉન્ડ દરમિયાન ટ્રેકવાઇઝ - ટીએસએસ કન્સલ્ટન્સી પ્રાઇવેટ લિમિટેડમાં ભરતી કરવામાં આવી છે.

આ વિષયોના સાતમા સેમીસ્ટરમાં અભ્યાસ કરી રહેલા લગભગ ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓમાંથી ૬૦ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા આયોજિત પ્લેસમેન્ટ પ્રોગ્રામમાં સામેલ થયાં હતાં. આ વિદ્યાર્થીઓને રૂ. ૪ લાખથી રૂ. ૪.૬ લાખ સુધીના વાર્ષિક સરેરાશ પેકેજ પર એસોશિયેટ સોફ્ટવેર એન્જિનીયરની ભૂમિકામાં નોકરી આપવામાં આવી છે.ટ્રેકવિઝ એ એક ટેકનોલોજી સોલ્યુશન કંપની છે, જે નાણાકીય ગુનાઓની સામે લડત આપી રહેલી કંપનીઓને મદદરૂપ થવા એન્ડ-ટુ-એન્ડ ટેકનોલોજી સોલ્યુશનો પૂરાં પાડે છે, આવી કંપનીઓના અનુપાલનને મહત્તમ સ્તરે લઈ જાય છે અને ખૂબ જ ઝડપથી વિશ્વ-સ્તરીય ટેકનોલોજી પૂરી પાડીને તેમની કામગીરીઓને સરળ બનાવે છે.નોકરી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓમાં ૧૯ છોકરા છે અને ૭ છોકરીઓ છે, જેઓ રાજકોટમાં આવેલી ટ્રેકવિઝની સેટેલાઇટ ઑફિસમાં જોડાશે.

મારવાડી યુનિવર્સિટીના પ્રો વાઇસ ચાન્સેલર ડો. આર. બી. જાડેજાએ જણાવ્યું હતું કે, નટ્રેકવિઝ ટીએસએસ કન્સલ્ટન્સી પ્રાઇવેટ લિમિટેડે રાજકોટમાં આવેલા મારવાડી યુનિવર્સિટીના કેમ્પસમાં એક વિશેષ પ્લેસમેન્ટ અભિયાન હાથ ધર્યું હતું. અમને એ વાતનો ગર્વ છે કે અમારા ૨૬ વિદ્યાર્થીઓનું તેમના જે-તે વિષયમાં ગ્રેજ્યુએશન પૂરું થાય તે પહેલાં જ તેમને નોકરી આપી દેવામાં આવી છે. અમે આ કંપનીના આભારી છીએ, જેણે અમારા પ્રત્યેક વિદ્યાર્થીમાં તેમના શીખવા પ્રત્યેના વલણ, સ્થિતિસ્થાપકતા અને અનુકૂલનશીલતાના ગુણોને પારખ્યાં અને તેને બિરદાવ્યાં તથા નોકરી માટે એક લાયક ઉમેદવાર તરીકે તેમને પસંદ કર્યા. આ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ એ વાતનો પુરાવો છે કે મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટીના સભ્યો અથાક રીતે વિદ્યાર્થીઓના કૌશલ્યોને નિખારી રહ્યાં છે અને તેમના જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરી રહ્યાં છે.

# પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજકોટ જિલ્લામાં તાલીમ યોજાઈ

## ગ્રામસેવકો-વિસ્તરણ અધિકારીઓને તજજ્ઞો - કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન અપાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**
ગુજરાત રાજ્યને આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિયુક્ત રાજ્ય બનાવવા રાજ્ય સરકાર મિશન મોડમાં કામ કરી રહી છે, ત્યારે રાજકોટ જિલ્લામાં પણ પ્રાકૃતિક કૃષિને વેગ આપવા ખેડૂતો તેમજ વિસ્તરણ કાર્યકરોને તાલીમ અપાઈ રહી છે. જે અંતર્ગત આત્મા પ્રોજેક્ટ-રાજકોટ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયા ખાતે ગતરોજ એક દિવસીય પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આત્મા પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એચ. ડી. વાદી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તરઘડિયાના વડા ડો. જી. વી. મારવીયા, સુકી ખેતી સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક ડો. ડી. એસ. હીરપરા, કૃષિ વૈજ્ઞાનિકો ડો. જે. એચ. ચૌધરી, ડો. જે. એન. ઠાકર, આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર મેહુલ નસિત તેમજ રાજકોટ જિલ્લાના ૪૦ જેટલા ગ્રામ સેવકો અને વિસ્તરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમ કાર્યક્રમની શરૂઆતમાં એચ. ડી. વાદી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને તાલીમની અગત્ય વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જ્યારે ડો. ડી. એસ. હીરપરા દ્વારા પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે ડો. જે. એચ. ચૌધરી દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ બીજામૃત અને જીવામૃત બનાવવાની પદ્ધતિનું પ્રાયોગિક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. ડો. જે. એન. ઠાકર દ્વારા પ્રાકૃતિક ખેતીમાં રોગ-જીવાતના નિયંત્રણ અંગે માહિતી આપવામાં આવી હતી. જ્યારે ડો. જી. વી.મારવીયા દ્વારા પ્રાકૃતિક ખેતીમાં પોષણ વ્યવસ્થાપન વિશે માહિતી આપવામાં આવી હતી. તાલીમના અંતે પ્રશ્નોતરીના માધ્યમથી વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી હતી અને શંકાનું સમાધાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર તાલીમના સુચારૂ આયોજન માટે શ્રી અરવિંદભાઈ બેરાણી અને કુ.પાયલબેન ટાંકનો સહયોગ મળ્યો હતો.

## બાળ સુરક્ષા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે

# પી.એમ.કેર યોજનાના ૫૪ લાભાર્થી બાળકો સાથે "મીટ વીથ કલેક્ટર" કાર્યક્રમ યોજાયો

## પોતાની જાતને સવાલો પુછીને તેના જવાબો મેળવવા પ્રયત્ન કરવા જોઈએ: જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી







**મુખ્ય સમાચાર, રાજકોટ**
ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પી.એમ. કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમ અંતર્ગત કોરોનાકાળમાં માતાપિતા કે વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકોની સાર-સંભાળ રાખવામાં આવે છે. આ યોજનાના રાજકોટ જિલ્લાના ૫૪ લાભાર્થી બાળકો સાથે બાળ સુરક્ષા વિભાગ, ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ''મીટ વીથ કલેક્ટર'' અન્વયે હું હીરો છું ની થીમ આધારીત કાર્યક્રમનું આયોજન રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લામાં કોરોના કાળ દરમિયાન માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૫૪ જેટલા બાળકો સાથે કલેક્ટરશ્રી તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ ભોજન કર્યું હતું, મહાનુભાવોએ બાળકો સાથે તેમના અભ્યાસ, તેમના શોખ, તેમના કપડા, ભોજનના ગમા-અણગમા તથા અન્ય બાબતોની વાતો કરી હતી. કલેક્ટરશ્રીને મળીને બાળકો ખુબ જ ખુશ થયા હતા.

જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીએ બાળકોને સંબોધતાં કહ્યું હતું કે, જીવન આપણને સૌને હીરો બનતાં શીખવે છે. અત્યારે દેશમાં વિજ્ઞાન, ગણિત, ટેકનોલોજી અને અંગ્રેજી સહિત વિવિધ ભાષાઓનો યુગ ચાલી રહ્યો છે. ત્યારે તમામ વિદ્યાર્થીઓને આ અને આવા અવનવા તથા બાળકના પોતાના રસ મુજબના ક્ષેત્રમાં આગળ વધીને દેશના હિતાર્થે આગળ વધવા તેમણે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

અભ્યાસ હોય કે જીવનની કોઈ પણ સમસ્યા, મુશ્કેલ લાગતી કોઇ પણ બાબત અંગે પોતાની જાતને સવાલો પુછીને તેના જવાબો મેળવવા પ્રયત્ન કરવા જોઈએ. પ્રત્યેક બાળકે પોતે નિયત કરેલા લક્ષ્યાંકને હાંસલ કરવા શક્ય તેટલી વધુ મહેનત કરવી જોઈએ, તેમ કલેક્ટરએ બાળકો સાથે મૂલ્યવાન સમય વીતાવતાં જણાવ્યું હતું

આ તકે સ્કુલમાં શિક્ષિકા તરીકે અભ્યાસ કરાવતા ડાંગર ખ્યાતિ અને તેમની નાની બહેન ડાંગર જીયાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સમગ્ર જિલ્લા વહીવટીતંત્રનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે અમારે જ્યારે પણ જિલ્લા વહીવટીતંત્રની જરૂર પડી છે ત્યારે તેઓ એક પળનોય વિચાર કર્યા વિના અમારી ત્વરિત મદદે આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પી.એમ કેર ફોર ચિલ્ડ્રન્સ સ્કિમ અંતર્ગત કોરોના કાળ દરમિયાન માતા-પિતા કે વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકોના નામે રૂ. ૧૦ લાખની રકમ પોસ્ટ ઓફિસમાં ફિક્સ ડિપોઝીટ કરાવવામાં આવી છે. આ રકમ પર ૧૮ થી ૨૩ વર્ષ સુધી સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકારની સ્પોન્સરશિપ યોજના અંતર્ગત પ્રતિ માસ ૪ હજાર રૂ. અને ગુજરાત રાજય મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત પ્રતિ માસ ૪ હજાર રૂ. લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ ઉપરાંત, પી.એમ. કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કિમ અંતર્ગત ગણવેશ અને પાઠ્ય પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨૦ હજારની શિષ્યવૃત્તિ પણ ચૂકવવામાં આવે છે. આ પ્રસંગે રાજકોટ શહેર પ્રાંત અધિકારીશ્રી ચાંદની પરમાર, ચિલ્ડ્રન વેલ્ફેર કમિટીના ચેરમેન પ્રિતેશભાઈ પોપટ, સભ્યશ્રીઓ, ભાસ્કરભાઈ જસાણી, રમાબેન હેરભા, રશ્મિબેન પટેલ, રીનાબેન ભોજાણી, રોજગાર વિભાગના કેરિયર કાઉન્સેલરશ્રી ચેતન દવે, સમાજ સુરક્ષા અધિકારી શ્રી એસ.એમ.રાઠોડ, બાળ સુરક્ષા અધિકારી શ્રી અલ્પેશ ગોસ્વામી, રિજિયોનલ સાયન્સ સેન્ટર રાજકોટના પ્રોજેક્ટ મેનેજર શ્રી સુમિત વ્યાસ તથા પી.એમ.કેર યોજનાના લાભાર્થી બાળકોના ગાર્ડીયન્સ ઉપસ્થિત રહ્યા હતા.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# જેતપુરમાં ૮ મીમી વરસાદ નોંધાયો, પાણીમાં તણાઈ જતાં ૮૦ વર્ષીય વૃદ્ધાનું મોત; વૃક્ષની ડાળ તૂટતા બે ઈજાગ્રસ્ત



**મુખ્ય સમાચાર, જેતપુર**

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ ગઈ કાલે રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખીરસરા, જાંબુડી, પ્રેમગઢ, હરીપર અને મેવાસા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ પધરામણી કરી હતી. આ સાથે વરસાદી પાણીમાં તણાઇ જવાથી ૮૦ વર્ષીય વૃધ્ધાનું મોત નીપજ્યું હોવાનું પણ સામે આવ્યું છે. આ ઉપરાંત ગોંદરા વિસ્તારમાં વૃક્ષની ડાળ તૂટી પડતા બે લોકો ઇજાગ્રસ્ત થયા હતા. ગાજવીજ સાથે ભારે પવન ફુંકાવાનો શરૂ થયો હતો અને સત્તાવાર આંકડા મુજબ જેતપુર તાલુકામાં ૮ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગ દ્વારા વિધિવત ચોમાસાની શરૂઆત થવાની આગાહી કરવામાં આવી હતી અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. જે અંતર્ગત રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં ગઈ કાલે બપોર બાદ સાંજના સમયે વરસાદી માહોલ છવાયો હતો અને જિલ્લાના જેતપુર તાલુકામાં ભારે પવન સાથે ગાજવીજ સાથે મેઘરાજાએ પધરામણી કરી હતી

જેતપુર શહેર અને ગ્રામ્ય પંથકના વાતાવરણમાં સાંજના સમયે પલટો આવ્યો હતો અને પવન તેમજ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસવાનો શરૂ થયો હતો. જેતપુર તાલુકાના ખીરસરા, જાંબુડી, પ્રેમગઢ, મેવાસા, હરીપર સહિત ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. મેવાસા ગામે ધોધમાર વરસાદ વરસતા રોડ ઉપર પાણી વહેતા થયાં હતા. આ વખતે પડેલી ભારે ગરમી અને ઉકળાટ બફારા વચ્ચે પવન સાથે વરસાદનું આગમન થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

આ તરફ જેતપુરના હરિપર ગામે વૃદ્ધા પાણીમાં તણાયા હોવાની ઘટના સામે આવી છે. વૃદ્ધા પોતાના ખેતરથી ઘરે તરફ જતા હતા. આ સમયે પાણીમાં તણાયા હોવાનું અનુમાન ગામ લોકો દ્વારા લગાવવામાં આવી રહ્યું છે. હરિપર ગામે ખળખળીયા ત્રિવેણી હોકળામાંથી પસાર થતા સમયે અચાનક વરસાદી પાણી આવી જતા હરિપર ગામના જ મોંઘીબેન લાલકીયા નામના વૃદ્ધાનું પાણીમાં તણાતા મોત નીપજ્યું છે. બનાવની જાણ થતા સ્થાનિક લોકો દ્વારા વૃદ્ધાનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

બીજી તરફ ભારે પવન ફંકાતા ગોંદરા વિસ્તારમાં એક વૃક્ષની વિશાળ ડાળ તૂટી પડી હતી. આ દરમિયાન વૃક્ષ નીચે બેસેલા બે વ્યક્તિ ઇજાગ્રસ્ત થયા હતા. ત્યારે ભરત બાવચંદભાઈ બારડ (ઉ.૪૮) અને સંભુભાઈ સવસીભાઈ મકવાણા (ઉ.૫૦) બંને ઇજાગ્રસ્તોને જેતપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# જૂનાગઢમાં પતિ-પત્નીના સમાધાનમાં વચ્ચે પડતા મનદુઃખ રાખી પતિએ તબીબ પર તલવાર, લોખંડના પાઇપ વડે ઘાતકી હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં ભાટિયા ધર્મશાળા પાસે રહેતા રસિક કરીમભાઈ વાંચેસા નામના ડોક્ટર પર હુમલો થયાની ઘટના બની છે. પત્ની-પતિ વચ્ચે છૂટાછેડાની વાત ચાલતી હતી, તે દરમિયાન ભોગ બનનાર ડોક્ટર દ્વારા સમાધાનની વાત કરવા વચ્ચે પડતા તેનું મનદુઃખ રાખી આરોપી દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ખાડિયામાં રહેતા આરોપી સાવન ઉર્ફે જવો બાવજી સોલંકી તેમજ અન્ય લોકોએ મળી તબીબ પર તલવાર, લોખંડના પાઇપ વડે જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરી લૂંટ ચલાવ્યાનો ગુનો એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે.



ભોગ બનનાર તબીબ રસિકભાઈ વાંચેસાએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતુ કે, જૂનાગઢમાં ભાટિયા ધર્મશાળા પાસે રહેતા અને ડોક્ટરની પ્રેક્ટિસ કરતા રસિકભાઈ કરીમભાઈ વાંચેસા સવારના ૯:૩૦ વાગ્યે મેઘાણીનગરમાં પોતાના દવાખાને જતા હતા. જ્યાં તબીબે દર્દીને સારવાર આપ્યા બાદ મોપેડ લઈ પોરબંદર જવા નીકળ્યા હતા. તે સમયે વિવેકાનંદ ગ્રાઉન્ડ પાસે એક ફોર વ્હીલ કાર તેની મોપેડ સાથે અથડાતા રસિકભાઈ પડી ગયા હતા. જેથી ફોર વ્હીલ કારમાંથી ખાડિયામાં રહેતો સાવન ઉર્ફે જોવો બાવજી સોલંકી અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમો તલવાર, લોખંડનો પાઇપ લઈ તબીબ પર હુમલો કર્યો હતો. આરોપી જવો અને અન્ય ઈસમોએ તબીબ પર હુમલો કરતા તબીબના બંને હાથમાં તલવાર અને પગમાં ગંભીર ઇજાઓ પહોંચાડી હતી.

હુમલો કરનાર એક અજાણ્યા ઈસમે તબીબના ખિસ્સામાંથી તેનો મોબાઇલ રોકડ રૂપિયા ૯૦૦ લઈ લીધા હતા. જેથી ભોગ બનનાર તબીબ રસીદભાઈએ બૂમાબૂમ કરતા રોડ પરથી પસાર થતા લોકો એકઠા થઇ ગયા હતા જેથી તમામ આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા. ત્યારબાદ ફરિયાદી રસિકભાઈને સારવાર માટે ૧૦૮ દ્વારા જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેના બંને હાથમાં અને પગમાં ફેક્ચર થયું હોવાનું ડોક્ટરે જણાવ્યું હતું. ત્યારે હાલ ફરિયાદીની સારવાર શરૂ કરવામાં આવી છે. આ બાબતે જુનાગઢ એ ડિવિઝન પોલીસે આરોપી સાવન ઉર્ફે જવો તેમજ અન્ય ત્રણ ઈસમો વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, મારામારી અને લૂંટની ફરિયાદ નોંધવામાં આવી છે. આ મામલે આરોપીઓને પકડવા જુનાગઢ પોલીસે તપાસ હાથ ધરી છે. પતિ-પત્નીના સમાધાનમાં વચ્ચે પડતા તેનું મનદુઃખ રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો.

# ૩ દિવસમાં બીજો જંગી જથ્થો ઝડપ્યો:દ્વારકાના દરિયાકાંઠેથી રૂ. ૧૦ કરોડનું ૨૦ કિલો ચરસ મળ્યું

## સોમવારે રાત્રે ૮૭૨ ગ્રામ ચરસ મળ્યું, મંગળવારે મોટો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદર અને વરવાળાના દરિયાકાંઠેથી ૩ દિવસ પહેલાં ૧૬.૦૨ કરોડનો ૩૨ કિલોથી વધુ ચરસનો જથ્થો પકડાયા બાદ પોલીસે સર્ચ ઓપરેશન ચાલુ રાખતાં મોજપ પાસેથી પોલીસને સોમવારે રાત્રે ૮૭૨ ગ્રામ ચરસ મળ્યા બાદ મંગળવારે બપોરે વધુ ૨૦ પેકેટમાં અંદાજે રૂ. ૧૦ કરોડનો ચરસનો ૨૦ કિલોથી વધુ જથ્થો મળી આવ્યો હતો. દરિયાકિનારે અવાવરું સ્થળોએ ડ્રગ્સ ફેંકી દેનારા અજાણ્યા શખસો સામે ગુનો નોંધી પોલીસે તપાસનો ધમધમાટ હાથ ધર્યો હતો.



દેવભૂમિ દ્વારકામાં ૪ દિવસમાં જ ૩ દરિયાકાંઠેથી પોલીસે રૂ. ૨૫ કરોડથી વધુની કિંમતનું ૫૦ કિલોથી વધુ ચરસ પકડી પાડ્યું છે. ભૂતકાળમાં પણ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓએ સાગરતટનાં અવાવરું સ્થળોએ ફેંકી દેવાયેલા ડ્રગ્સને જમીન માર્ગે દેશના જુદાં જુદાં મહાનગરમાં મોકલવાના કારસાનો અગાઉ પર્દાફાશ થયો હતો. પોલીસે ડ્રગ્સના આ જથ્થા ક્યાંથી અને કેવી રીતે લવાયા તે અંગેની તપાસ શરૂ કરી છે.

દરિયામાં કોઇ અજાણ્યા શખસો દ્વારા કથિત રીતે ફેંકી દેવાયેલો નશીલા પદાર્થનો જથ્થો કાંઠાળ વિસ્તારમાં પહોંચ્યો છે ? કે અન્ય કોઇ શખસોએ અવાવરુ સ્થળો પર જથ્થો ફેંકી દીધો છે ? સહિતની તમામ બાબતોને ધ્યાને લઇ દરિયાકાંઠાના તમામ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ સાથે સર્ચ હાથ ધરી ઘનિષ્ઠ તપાસ શરૂ કરાઇ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# રાજકોટમાં સ્કૂલવાનને ૨૦ને બદલે ૪૦ કિમી.ની ગતિ મર્યાદા વધારી આપો

## સીએનજી ટાંકી પર બાંકડો મુકવાની છૂટ આપવા માંગ: શાળાકીય સત્ર શરૂ થાય તે પહેલાં વાન સંચાલકોની રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં શાળાકીય સત્ર શરૂ થાય તે પહેલાં ઘેટાં-બકરાંની માફક બાળકોને બેસાડતા સંચાલકોને નિયમોનુસાર સ્કૂલવાન ચલાવવા આરટીઓ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારે કેટલી ત્રુટિઓને કારણે મૂંઝવણમાં મુકાયેલા સ્કૂલવાન સંચાલકોએ મંગળવારે કલેક્ટર પ્રભવ જોષીને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે. સ્કૂલવાન સંચાલકો બહાદુરસિંહ ગોહિલ, અજયભાઇ બોરીચા સહિતનાઓએ કલેક્ટરને કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, શહેરમાં ત્રણ હજારથી વધુ સ્કૂલવાન દોડે છે. તકેદારીના ભાગ રૂપે તમામે વાનમાં ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા છે.સરકારની ગાઇડલાઇન મુજબ સ્કૂલવાનની ગતિ મર્યાદા ૨૦ કિ.મી.ની છે. જે મર્યાદા અતિશયોક્તિ ભરેલી હોય તેને બદલે ૪૦ કિ.મી. ગતિ મર્યાદા કરી આપવાની માગણી કરી છે.

# ઘર છોડીને જતી રહેલી પત્નીના વિયોગમાં પતિનો ઝેર પી આપઘાતઃ લક્ષ્મીવાડીમાં ઝેર પી લેનાર મહિલાનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારિયા રોડ પર વિનોદનગરમાં રહેતા યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લેતા તેના પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી બનાવને પગલે ભક્તિનગર પોલીસે તપાસ કરતા પત્ની ઘર છોડી જતી રહેતા વિયોગમાં યુવકે પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વિનોદનગરમાં રહેતો મયૂર ચંદુભાઇ દાવડા (ઉ.૩૨)એ સોમવારે ઝેરી દવા પી જતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો જેનું સારવાર દરમિયાન મોત નીપજતા જમાદાર બાલાસરા સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક સબમર્શિબલ પમ્પનું કામ કરતો હતો અને તેના પિતા હયાત ન હોવાનું તેમજ એક બહેનથી નાનો હોવાનું અને વિધવા માતાના આધારસ્થંભ હતો. અને તેને શીતલ નામની યુવતી સાથે દોઢ વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા અને ત્રણ માસથી તેની પત્ની ઘેરથી કીધા વગર નીકળી ગયા બાદ પરત નહીં આવતા તેની સતત શોધખોળ કરવા છતાં પત્તો નહીં મળતા મયૂર ચિંતામાં રહેતો હોવાનું તેના પરિવારે જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

જ્યારે બીજા બનાવમાં લક્ષ્મીવાડીમાં રહેતા પ્રિયાબા સંજયસિંહ ઝાલા (ઉ.૨૮)એ પાંચ દિવસ પહેલાં તેના ઘેર ઝેરી દવા પી જતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજતા ભક્તિનગર પોલીસ મથકના જમાદાર પ્રશાંતસિંહ સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક મહિલાને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર હોવાનું પરિવારે જણાવતા પોલીસે આપઘાતનું કારણ જાણવા મથામણ કરી હતી.

# જેતપુર પ્રિન્ટિંગ એસો.ના મેનેજરને જાનથી મારી નાખવાની ધમકી મળી

## કારખાનાનું ક્લોઝર વેરિફાય કરવા ફોન કરાતાં બે શખ્સે બેફામ ગાળાગાળી કરી

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ એસોસિએશનના મેનેજરને કારખાનાને ક્લોઝર બાબતે બે શખ્સએ ઘર પાસે આવી બેફામ ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી જેના આધારે પોલીસે બન્ને શખ્સ સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. અમને ક્લોઝર માઠે કેમ ફોન કરે છે તેમ કહીને આરોપીએ ગાળાગાળી કરી હતી. આથી મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

જેતપુર શહેરના પાંચપીપળા રોડ પર રહેતા અને ડાઇંગ એસોસિએશનમાં મેનેજર તરીકે નોકરી કરતા દીપકભાઈ ભટ્ટે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓના ફોનમાં પ્રતિક વિરડીયા નામના શખ્સનો વારંવાર ફોન આવતો હતો પરંતુ વ્યસ્તતાને કારણે ફોન રિસીવ થઈ શક્યો ન હતો અને રાતે સામેથી ફોન કરતાં પ્રતિક વિરડીયાએ એમ કહ્યું કે હું વલ્લભભાઈ બોરડ બોલુ છું. અને કહ્યું કે, તમે દીપક રૂપારેલીયાને ક્લોઝર બાબતે ફોન કર્યો હતો તમે કેમ ફોન કરી શકો ? તમે કમિશનર છો ? તું એસો.નો પ્રમુખ નથી અને તારે ક્લોઝર છે કે નહીં તેવો ફોન કરવાનો ન હોય. જેથી મેં કહ્યુ કે અમારા એસો.મા જી.ઈ. બી. તરફથી ક્લોઝરવાળા એકમોની યાદી આવી છે જેમાં દીપકભાઈ રૂપારેલીયા, વલ્લભભાઈ ખોડાભાઈ બોરડના નામના કારખાનાની યાદી છે. આ કારખાનામા જી.ઈ.બીનું મીટર દીપકભાઈ તારપરાના જૂના નામનુ હોય જી.ઈ.બી બીલની કોપી લઈ ગ્રાહક નંબર વેરીફાય કરવા માટે ફોન કર્યો હતો. તેમ કહેતાં જ પ્રતિક એકદમ ઉગ્ર બની ગયો હતો અને ફોનમાં જ અપશબ્દો કરી ધમકી આપી કે હું હમણાં તારા ઘરે આવું છું અને તારા ટાંટિયા ભાંગી નાખીશ એમ કહી ફોન કાપી નાખ્યો હતો. બાદમાં પ્રતિક અને ભુરીયો ઘર પાસે આવ્યા હતા ને મને ધમકી દીધી હતી કે ઘરની બહાર નીકળ તને જીવતો રહેવા દેવો નથી તેમ કહીને શેરીમા જેમફાવે તેમ બંને બોલવા લાગેલ. માણસો ભેગા થતાં ત્યાંથી જતાં રહ્યા હતાં. પોલીસે આ ફરિયાદના આધારે ધરપકડ ની કાર્યવાહી હાથ ધરી છે.

# બામણબોરમાં કરોડોની ખનીજ ચોરી મામલે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં:વહીવટીતંત્રની મીઠી નજર હેઠળ ખુલ્લેઆમ ચોરીના થતા આક્ષેપો, ગૂગલ મેપનો સર્વે કરવા કોંગ્રેસની માગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં બામણબોરમાં છેલ્લા ૬ વર્ષથી મોટા પાયે ખનીજ ચોરી થતી હોવા છતાં કલેકટર પ્રભવ જોષી ઘોર નિંદ્રામાં હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યા છે. કોંગ્રેસ આગેવાન ગાયત્રીબા વાઘેલાએ જણાવ્યું હતું કે, બામણબોરમાં ખુલ્લેઆમ ચોરી મામલે ખાણ ખનીજ વિભાગને ૨ દિવસ પહેલાં રજૂઆત કરી તો આશ્ચર્યજનક જવાબ મળ્યો કે જ્યારે ખનીજ ચોરી થતી હોય ત્યારે તમે જાણ કરજો એટલે કહી શકાય કે, ભારતીય જનતા પાર્ટી અને વહીવટી તંત્રની મીઠી નજર હેઠળ બામણબોરમાં ખુલ્લેઆમ ખનીજ ચોરી થઈ રહી છે, ત્યારે વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીના વર્ષ મુજબ ગુગલ મેપ મેળવી તપાસ કરવામાં આવે અને બેજવાબદાર મામલતદાર કે સર્કલ તલાટી સામે કડક કાર્યવાહી, પોલીસ ફરીયાદ દાખલ કરી કાયદેસરના પગલા ભરવામાં આવે.





રજૂઆત પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજકોટના બામણબોરમાં આવેલી સરકારી ખરાબાઓ, વીડીઓ તેમજ માયનોર ફોરેસ્ટ સહિતના વિસ્તારોમાં સરકારની કોઈપણ પ્રકારની મંજૂરી વગર ખનીજ માફિયાઓ દ્વારા સતત મહિનાઓ સુધી મશીનરીનો ઉપયોગ કરી મોટા પાયે ખનન કરી કુદરતી સરકારની માલિકીની કરોડો રૂપિયાની ખનીજ સંપતિની ચોરી કરવામાં આવી અને રાજયનું ખાણ ખનીજ વિભાગ ઘોર નિંદ્રામાં સુતું રહ્યું અને આવડી મોટી ખનીજ ચોરીથી ઈરાદાપૂર્વક અજાણ રહ્યું છે, ત્યારે તાત્કાલિક ધોરણે નીચેના પ્રશ્નો બાબતે પગલાંઓ ભરવા અમારી રજૂઆત છે.

પ્રથમ તો આ આખા વિસ્તારને સીલ કરી ખનીજ સંપતીની ચોરીનો સર્વે કરી ચોરી થયેલી સંપતીનું મૂલ્યાંકન કરી ખનીજ સંપતીનાં ચોરીનો આંકડો જાહેર કરી પોલીસ ફરિયાદ કરવામાં આવે. આ વિસ્તારમાં ફરજ બજાવતા ખાણ ખનીજ અધિકારીનો/કર્મચારીનો તેમની ફરજ બેદરકારી સબબ ખુલાસો પુછી તેમની સામે કાર્યવાહી કરવામાં આવે તેમજ વીજીલન્સ ફલાઈંગ સ્કોડની ફરજ બાબત પણ ખુલાસો પુછી કાર્યવાહી કરવામાં આવે.

આ અમારી રજુઆતને રેકર્ડ ઉપર લઈ ફરીયાદવાળી જગ્યાનો વર્ષ ૨૦૧૮થી આજદિન સુધી વર્ષ વાઇઝ ગુગલ મેપ મેળવી તેના આધારે કાર્યવાહી કરવામાં આવે ગેરકાયદેસર ખનનની પ્રવૃતિ ઘણાં સમયથી ચાલતી હોવા છતાં આ વિસ્તારના મામલતદાર કે સર્કલ તલાટી દ્વારા આપના વિસ્તારમાં આવી પ્રવૃત્તિ અંગે કોઈ જાણકારી લેખીતમાં આપવામાં આવી હતી કે કેમ? તેની તપાસ કરી તેમની સામે પણ તેમની ફરજ બેદરકારી સબબ પગલાંઓ ભરવામાં આવે. આ સમગ્ર પ્રકરણની જવાબદારી જે તે વિભાગના અધિકારીની નક્કી કરી તેમની સામે આકરા પગલાંઓ ભરી નાણાની વસુલાત કરવામાં આવે.

# રાજકોટનાં માધાપર બ્રીજના સર્વિસ રોડની જમીન સંપાદનના વળતરના મુદ્દે પ્રાંત-૨ અધિકારીની વધુ એક નોટિસ ફટકારાઈ: ૧.૮૭ કરોડનું વળતર મંજુર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં માધાપર ચોકડી વિસ્તારમાં ઓવરબ્રીજના લોકાર્પણને ખાસ્સો સમય વિતવા છતા ગાંધી સોસાયટી તરફનો સર્વિસ રોડ હજુ કાર્યરત થયો નથી. જેને લઈને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જોકે વાહન ચાલકોની આ સમસ્યાનો જલ્દી ઉકેલ આવે તે પ્રકારની કાર્યવાહી કલેકટર તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં ગાંધી સોસાયટી તરફના સર્વિસ રોડ માટે આ સોસાયટીના કોમન પ્લોટની જમીન સંપાદન કરવા માટે કાર્યવાહી પ્રાંત-૨ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવી છે. આ મુદ્દે પ્રાંત-૨ અધિકારી દ્વારા વધુ એક નોટિસ આપવામાં આવી છે. જમીનનું વળતર ૧.૮૭ કરોડનું મંજુર કરી દેવામાં આવ્યું છે.



પ્રાપ્ત વિગત મુજબ તંત્ર દ્વારા આ જમીન માટે ૧.૮૭ કરોડનું વળતર મંજુર કરાયું છે. પરંતુ આ સોસાયટીના આસામીઓ દ્વારા વળતરની રકમ હજુ લેવામાં આવી નથી. આ મામલે પ્રાંત-૨ અધિકારી નિશા ચૌધરી દ્વારા આ પ્લોટના આસામીઓને તા.૧૯મીના તેડુ મોકલી બોલાવવામાં આવ્યા છે. તેમ છતાં આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો પ્રાંત-૨ અધિકારી દ્વારા વધુ એક નોટિસ પણ આપવામાં આવશે. અને ત્યારબાદ જમીન સંપાદન કરી તેમાં સર્વિસ રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. જો ૧૯ જુનની બેઠકમાં નિર્ણય આવશે તો આ સમસ્યા ઝડપથી ઉકેલાશે.

ઉલ્લેખનીય છે કે માધાપર ઓવરબ્રિજ કાર્યરત થયાને લાંબો સમય પસાર થવા છતાં ગાંધી સોસાયટી તરફનો સર્વિસ રોડ હજુ કાર્યરત થયો નથી. જેને લઈને હાલમાં એકતરફના સર્વિસ રોડ પર વાહન વ્યવહાર ચાલી રહ્યો છે. જેના કારણે વાહન ચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે અને અકસ્માતો થવાની સંભાવના પણ વધી હોવાથી સ્થાનિકો દ્વારા રજૂઆતો પણ કરવામાં આવી ચૂકી છે. આ સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવાની માંગ કરાઈ છે. ત્યારે હવે તંત્ર દ્વારા પણ આ પ્રશ્નનો ઝડપથી ઉકેલ આવે તે દિશામાં કામગીરી શરૂ કરવામાં આવી છે.

# જેતપુર શહેરના ધાણાના વેપારી સાથે ૧૦.૫૦ લાખની છેતરપિંડી આચરાઇ

## આંધ્રના વેપારીઓએ મગાવેલા ૫૦૦ ગુણી ધાણા નિયત સ્થળે નહીં પહોંચતાં ફરિયાદ દાખલ કરાઈ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરના એક વેપારીએ આંધ્રપ્રદેશના વેપારીઓના ઓર્ડર મુજબ ધાણાનો જથ્થો ટ્રક મારફત મોકલ્યો હતો. પરંતુ તે ટ્રક આંધ્રપ્રદેશ ન પહોંચતા વેપારીએ ટ્રકના ચાલક, ક્લિનર તેમજ ટ્રકના માલિક વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

શહેરના માર્કેટિંગ યાર્ડ પાસે સિધ્ધેશ્વર એગ્રી એક્સપોર્ટના નામથી જથ્થાબંધ અનાજ કરિયાણાનો વેપાર કરતા જીતુભાઇ હેમનાણીને આંધ્રપ્રદેશની જુદી જુદી પેઢી દ્વારા ધાણાનો ઓર્ડર મળ્યો હતો. પેઢીઓના ઓર્ડર મુજબ જીતુભાઈએ



ધાણાનો ૫૦૦ ગુણીનો જથ્થો ટ્રક મારફત આંધ્રપ્રદેશના વિશાખાપટનમ ખાતે મોકલ્યો હતો. અને આ ટ્રક આંધ્રપ્રદેશ પહોંચાડવાની જવાબદારી ગોંડલના નવાબ રોડવેઝ ટ્રાન્સપોર્ટના યાસીનભાઈએ લીધી હતી, જેથી તેઓને માલના ભાડા પેટેના ૬૩ હજાર રૂપિયા ગૂગલ પેથી ચૂકવી દીધા હતા.

પરંતુ ચાર દિવસ થયાં છતાં માલ વિશાખાપટનમ ન પહોંચતા જીતુભાઇએ ગોંડલ ખાતે યાસીનભાઈને આ અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતુ કે, ડ્રાઇવરનો ફોન બંધ આવે છે, ટ્રક માલિક અશોકભાઈ સાથે ફોનમાં વાત કરાવું. ત્યારબાદ ટ્રક માલિકનો પણ ફોન બંધ થઈ ગયો હતો. જેના પરથી જીતુભાઇને સમજાઇ ગયું કે તેમની સાથે છેતરપિંડી થઈ છે. જેથી જીતુભાઇએ ટ્રક ડ્રાઇવર અમરપુરી, ક્લિનર ધીરુભાઈ તેમજ ટ્રકના માલિક અશોકભાઈ વિરુદ્ધ ૫૦૦ ગુણી ધાણા કિંમત રૂપિયા ૧૦.૫૦ લાખનો માલ ઓળવી જવા અંગે વિશ્વાસઘાત અને છેતરપિંડીની સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.